dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 39 | AD - 2024, kartak Sud - 11 | Tuesday, Dt.12-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### પ્રધાનમંત્રીએ સ્વામિનારાયણ મંદિરની ૨૦૦મી વર્ષગાંઠની ઉજવણીમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ભાગ લીધો

## સમાજમાં ભાગલા પાડવાના ષડયંત્રને રોકવું જરૂરી છે : પ્રધાનમંત્રી મોદી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રી સ્વામિનારાયણ મંદિરની ૨૦૦મી વર્ષગાંઠની ઉજવણીમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, ભગવાન સ્વામિનારાયણની કૃપાથી વડતાલ ધામમાં ભવ્ય દ્વિશતાબ્દી મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં દેશ-વિદેશમાંથી અનેક હરિભક્તો પધાર્યા છે. આજે લોકો સેવા કાર્યમાં પણ ઉત્સાહભેર સહયોગ આપી રહ્યા છે. દ્વિશતાબ્દીની ઉજવણી એ ઈતિહાસની માત્ર એક ઘટના કે તારીખ નથી. મારા જેવા પ્રત્યેક વ્યક્તિ માટે આ એક મોટી તક છે, જેઓ વડતાલ ધામમાં વિશિષ્ટ શ્રદ્ધા સાથે ઉછર્યા છે.

પીએમ મોદીએ કહ્યું, 'હું માનું છું કે અમારા માટે આ તક ભારતીય સંસ્કૃતિના શાશ્વત પ્રવાહનો પુરાવો છે. આજે પણ આપણે ૨૦૦ વર્ષ પહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્થાપિત વડતાલ ધામની આધ્યાત્મિક ચેતનાને જીવંત રાખી છે. આજે પણ આપણે અહીં ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉપદેશો અને ઉર્જાનો અનુભવ કરી શકીએ છીએ. વડાપ્રધાન મોદીએ કહ્યું કે સમાજને જાતિ, ધર્મ, ભાષા, ઉંચ-નીચ, સ્ત્રી-પુરુષ, ગામ-શહેરના આધારે વહેંચવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. એ મહત્વનું છે કે આપણે રાષ્ટ્રીય દુશ્મનોના આ પ્રયાસની ગંભીરતાને સમજીએ, આ સંકટને ઓળખીએ અને સાથે મળીને આવી કાર્યવાહીને હરાવીએ. આપણે સાથે મળીને કામ કરવાનું છે. આપણે મજબૂત, સક્ષમ અને શિક્ષિત યુવાનો તૈયાર કરવાના છે. વિકસિત ભારત માટે યુવાનોને સશક્ત બનાવવા પડશે. કુશળ યુવાનો આપણી સૌથી મોટી તાકાત બનશે. આપણા યુવાનોની વૈશ્વિક માંગ વધુ વધવાની છે. આજે હું જે વિશ્વના મોટા ભાગના નેતાઓને મળું છું તેમાંથી એક જ અપેક્ષા છે કે ભારતના યુવાનો, ભારતનું કુશળ માનવબળ, ભારતના આઈટી ક્ષેત્રના યુવાનો તેમના દેશમાં જઈને કામ કરે. સમગ્ર વિશ્વ ભારતના યુવાનોની ક્ષમતાથી આકર્ષાય છે. તેમણે કહ્યું કે આ વખતે પ્રયાગરાજમાં કુંભ મેળાનું આયોજન



કરવામાં આવી રહ્યું છે. ૧૨ વર્ષ બાદ આ કુંભ મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. દુનિયાએ પણ આ વિરાસતનો સ્વીકાર કર્યો છે. ૧૩ જાન્યુઆરીથી શરૂ થનારા અને લગભગ ૪૫ દિવસ સુધી ચાલનારા આ કુંભ મેળામાં ૪૦-૫૦ કરોડ લોકો આવશે. સમગ્ર વિશ્વમાં લોકોને શિક્ષિત કરો અને જે વિદેશીઓ ભારતીય મૂળના નથી તેઓને કુંભ મેળો શું છે તે સમજાવો અને પ્રયાગરાજમાં આ કુંભ મેળામાં ઓછામાં ઓછા ૧૦૦ વિદેશીઓને ખૂબ નિષ્ઠાથી લાવવાનો પ્રયાસ કરો. આ સમગ્ર વિશ્વમાં જાગૃતિ ફેલાવવાનું કામ હશે.

પીએમ મોદીએ કહ્યું કે સ્વામિનારાયણ સમુદાયે હંમેશા વ્યસન મુક્તિ માટે ખૂબ જ મહેનત કરી છે. આપણા સંતો અને મહાત્માઓ યુવાનોને નશાથી દૂર રાખવા અને તેમને નશામુક્ત બનાવવામાં બહુ મોટો ફાળો આપી શકે છે. યુવાનોને ડ્રગ્સથી બચાવવા માટે આવા અભિયાનો અને પ્રયત્નો હંમેશા જરૂરી છે અને આપણે તે સતત કરવાના છે. તેમણે કહ્યું કે હવે અયોધ્યાનું ઉદાહરણ આપણા બધાની સામે છે. ૫૦૦ વર્ષ પછી એક સપનું પૂરું થયું છે. કાશી અને કેદારનું પરિવર્તન આપણી સામે છે. એક નવી ચેતના, નવી ક્રાંતિ બધે દેખાય છે. આટલું જ નહીં, આપણા દેશમાંથી ચોરાયેલી સેંકડો વર્ષ જૂની મૂર્તિઓને શોધવા માટે કોઈ નહોતું, આજે દુનિયામાંથી ચોરાયેલી આપણી મૂર્તિઓ શોધીને લાવીએ છીએ, આપણા દેવી-દેવતાઓના ચોરાયેલા સ્વરૂપો પાછા આવી રહ્યા છે, આપણા મંદિરોમાં પાછા ફરી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે આજે આપણા યુવાનો સમક્ષ એક બહુ મોટો ઉદ્દેશ્ય ઊભો થયો છે. આખો દેશ એક નિશ્ચિત લક્ષ્ય સાથે આગળ વધી રહ્યો છે, આ લક્ષ્ય વિકસિત ભારતનું છે. હું વડતાલના સંતો-મહાત્માઓ અને સમગ્ર સ્વામિનારાયણ પરિવારને લોકોને વિકસિત ભારતના મહાન ઉદ્દેશ્ય સાથે જોડવા વિનંતી કરું છું. જેમ આઝાદીની ચળવળ દરમિયાન એક સદી સુધી આઝાદીની ઝંખના અને આઝાદીની ચિનગારી સમાજના વિવિધ ખૂણામાંથી દેશવાસીઓને પ્રેરણા આપતી હતી. એક પણ દિવસ, એક પણ ક્ષણ એવી નથી પસાર થઈ કે જ્યારે લોકોએ આઝાદી માટેના તેમના ઈરાદા અને સંકલ્પો છોડી દીધા હોય. આઝાદીની ચળવળમાં જે તડપ અને ચેતના હતી, તે જ તૃષ્ણા ૧૪૦ કરોડ દેશવાસીઓમાં દરેક ક્ષણે 'વિકસિત ભારત' માટે હોવી જરૂરી છે. યુવાનો રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે અને કરશે, આ માટે આપણે સશક્ત અને શિક્ષિત યુવાનો બનાવવા પડશે. આપણા યુવાનોને 'વિકસિત ભારત' માટે સશક્ત બનાવવા જોઈએ. કુશળ યુવાનો આપણી સૌથી મોટી તાકાત બનશે.

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શપથ લેવડાવ્યા

## દેશના ૫૧મા ચીફ જસ્ટિસ તરીકે શપથ લેતા જસ્ટિસ સંજીવ ખન્ના

નવી દિલ્હી, તા.૧૧

દેશના ઈતિહાસમાં આજનો દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આજે દેશને નવા મુખ્ય ન્યાયાધીશ મળ્યા છે. આજે જસ્ટિસ સંજીવ ખન્નાએ દેશના ૫૧માં ચીફ જસ્ટિસ તરીકે શપથ લીધા છે. રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા તેમને ૫૧મા સીજેઆઈના હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે જસ્ટિસ સંજીવ ખન્નાએ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડનું સ્થાન લીધું છે. જસ્ટિસ ચંદ્રચુડ રવિવારે નિવૃત્ત થયા. જસ્ટિસ ખન્નાનો કાર્યકાળ ૧૩ મે, ૨૦૨૫ સુધી ચાલશે. જાન્યુઆરી ૨૦૧૯થી સુપ્રીમ કોર્ટના જજ તરીકે ફરજ બજાવતા જસ્ટિસ સંજીવ ખન્નાએ ઘણા મોટા કેસોની સુનાવણી કરી છે. જસ્ટિસ ખન્ના EVMની વિશ્વસનીયતા જાળવવા, ચૂંટણી બોન્ડ સ્કીમને રદ કરવા, કલમ ૩૭૦ હટાવવા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય



પ્રધાન અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન આપવા જેવા ઘણા મહત્વપૂર્ણ નિર્ણયોનો ભાગ રહ્યા છે. જસ્ટિસ સંજીવ ખન્નાનો જન્મ ૧૪ મે ૧૯૬૦ના રોજ થયો હતો. તેઓ વર્ષ ૧૯૮૩માં દિલ્હી બાર કાઉન્સિલમાં વકીલ તરીકે નોંધાયેલા હતા. ૨૦૦૪ માં, તેમની દિલ્હી માટે સ્ટેન્ડિંગ કાઉન્સેલ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ૨૦૦૫માં તેઓ દિલ્હી હાઈકોર્ટના એડિશનલ જજ બન્યા અને ૨૦૦૬માં કાયમી જજ બન્યા. આ પછી, ૧૮ જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ, તેમને સુપ્રીમ કોર્ટના જજ તરીકે બઢતી આપવામાં આવી. તેમની નિવૃત્તિ ૧૩ મે ૨૦૨૫ના રોજ છે. તમને જણાવી દઈએ કે જસ્ટિસ સંજીવ ખન્ના દિલ્હીના એક પ્રતિષ્ઠિત પરિવાર સાથે સંબંધ ધરાવે છે. તેઓ દિલ્હી હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ દેવ રાજ ખન્નાના પુત્ર અને સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ એચ આર ખન્નાના ભત્રીજા છે. તેમણે પડતર કેસોને ઘટાડવા અને ન્યાયની ડિલિવરી ઝડપી બનાવવા પર ભાર મૂક્યો છે.









## ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર ભારતીયને પહોંચાડવાનું લક્ષ્ય : ઈસરો

બેંગલોર,તા.૧૧

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ના પ્રમુખ ડૉ. એસ. સોમનાથે કહ્યું- અમારું લક્ષ્ય ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર ભારતીયને પહોંચાડવાનું છે. આ માટે આપણે સ્પેસ સ્ટેશન બનાવવાની જરૂર છે, કારણ કે ચંદ્ર પર મનુષ્યને મોકલવા માટે એક ઈન્ટરમીડિયમ હોવું જોઈએ. આ માટે માઈક્રોગ્રેવિટી રિસર્ચ અને ઘણા ખાસ સ્પેસ મિશનના લક્ષ્યો પુરા કરવા પડશે. તેમણે કહ્યું કે હાલમાં અમે લર્નિંગ ફેઝમાં છીએ




અને અમારી શીખવાની યાત્રા અવિરત ચાલુ છે. ઈસરોના વડાએ રવિવારે ઝુંઝુનુ જિલ્લામાં બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી એન્ડ સાયન્સ (BITS) પિલાની ઈન્સ્ટિટ્યૂટમાં આયોજિત દીક્ષાંત સમારોહમાં આ વાત જણાવી હતી.













દિવાળી પર ખાનગી બસમાં બેફામ ભાડા વસુલવામાં આવતા હોય છે

# અમરેલી એસ.ટી. ડિવિઝનને દિવાળી પર્વ ફળ્યું, પાંચ દિવસમાં ૨૩.૬૧ લાખની આવક

**એક્સ્ટ્રા બસ સંચાલનમાં ૧૯,૫૩૬ મુસાફરોએ લાભ લીધો**

અમરેલી,તા.૧૧

અમરેલી એસ.ટી. વિભાગને દિવાળીનું પર્વ ફળ્યું છે. માત્ર દિવાળીના ૫ દિવસમાં કરેલા એક્સ્ટ્રા સંચાલન થકી એસ.ટી.ને ૨૩.૬૧ લાખની આવક થવા પામી છે. દિવાળીના તહેવારોમાં મુસાફરોની ભીડ રહેતી હોય છે. તેને ધ્યાને લઈને એસ.ટી. દ્વારા વધારાની બસ દોડાવાય છે. આ અંગે વિભાગીય નિયામક સોલંકીએ જણાવ્યું હતું કે, પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ અમરેલી એસ.ટી.ના ૭ ડેપો દ્વારા દિવાળીના પર્વને લઈને એક્સ્ટ્રા બસનું સંચાલન કરવામાં આવ્યું હતું. આમાં



દિવાળીના પાંચ દિવસમાં ૩૯૮ ટ્રીપ થઈ હતી જેનો ૧૯,૫૩૬ મુસાફરોએ લાભ લીધો હતો. પરિણામે માત્ર પાંચ દિવસમાં જ વધારાની બસના સંચાલન થકી એસ.ટી.ને ૨૩,૬૧,૬૮૩ રૂપિયાની વધારાની આવક થવા પામી હતી. દિવાળીના દિવસોમાં ખાનગી બસમાં બેફામ ભાડા વસુલાતા હોય છે અને મુસાફરો લૂંટાતા હોય છે ત્યારે આવા ભાડાની લૂંટથી મુસાફરોને બચાવવા એસ.ટી. દ્વારા વધારાની બસ દોડાવાઈ હતી જેથી મુસાફરોને ફાયદો થવા સાથે એસ.ટી.ને પણ આવક વધી હતી. અમરેલી એસટી ડિવિઝને દિવાળી પર્વ પર વધારાની બસો દોડાવતા મુસાફરોને પણ રાહત થઈ હતી.

**કયાં ડેપોએ કેટલી બસ દોડાવી**

| ડેપો | ટ્રીપની સંખ્યા | કિ.મી. | મેળવેલ આવક | મુસાફરોની સંખ્યા |
|---|---|---|---|---|
| અમરેલી | ૩૫ | ૧૬૧૩૧ | ૪૬૨૯૬૭ | ૧૭૯૯ |
| બગસરા | ૪૧ | ૧૫૩૭૬ | ૪૩૦૭૦૨ | ૧૬૦૯ |
| ધારી | ૧૫૪ | ૧૮૦૬૯ | ૫૨૬૪૪૬ | ૭૦૧૭ |
| કોડીનાર | ૩૩ | ૪૨૩૦ | ૧૧૯૨૫૬ | ૧૫૦૧ |
| રાજુલા | ૨૧ | ૬૦૦૮ | ૧૪૧૯૧૮ | ૧૧૮૧ |
| સા.કુંડલા | ૩૬ | ૧૪૩૨૯ | ૪૦૩૧૭૯ | ૨૦૬૬ |
| ઉના | ૭૮ | ૭૦૭૩ | ૨૭૫૨૧૫ | ૪૩૬૩ |
| કુલ | ૩૯૮ | ૮૧૨૧૬ | ૨૩૬૧૬૮૩ | ૧૯૫૩૬ |

# કોવાયા નજીક પાવર પ્લાન્ટ કંપની પાસે ૧૨ સિંહોનું ટોળુ જોવા મળ્યુ

અમરેલી,તા.૧૧

રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક પાવર પ્લાન્ટ કંપની પાસે આવેલ માર્ગ ઉપર ૧૨ સિંહનું ગ્રુપ રસ્તા પરથી પસાર થતું જોવા મળ્યું હતું. થોડીવાર માટે રસ્તા પર દોડધામ કર્યા બાદ બાવળની ઝાડીમાં જતા રહ્યા. રસ્તા પર એક સાથે ૧૨ જેટલા સિંહ નીકળતા વાહનોના



પૈડાં થંભી ગયા હતા. અમરેલી જિલ્લામાં સૌથી વધુ સિંહો રાજુલા જાફરાબાદ પીપાવાવ કોસ્ટલ બેલ્ટ વિસ્તારના દરિયા કાંઠે આવેલ ગામડાઓ, ઔદ્યોગિક વિસ્તારમાં વધુ વસવાટ કરી રહ્યા છે અને સિંહોએ પોતાનું નવું ઘર હોય તેમ અહીં માનવ વસાહત વચ્ચે સામ્રાજ્ય બનાવ્યું છે. ભુતકાળમાં અનેકવાર સિંહો કંપનીની પાસે અવરજવર કરતા કેમેરામાં કેદ થયા છે. જો કે એકસાથે ૧૨ સિંહોનું ટોળુ જોવા મળતા વાહનચાલકો પણ અચંબિત થઈ ગયા હતા.

# કથામાં અને ડાયરામાં આવનાર તમામ રકમ તપોવન વૃધ્ધાશ્રમમાં અપાશે

અમરેલી,તા.૧૧

કુંકાવાવ તાલુકાના ખડખડ ગામમાં દુધાત પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં પિતૃ મોક્ષાર્થે આ કથા ચાલી રહી છે. કથા દરમિયાન વ્યાસપીઠ ઉપર આવતી રકમ અને લોકડાયરામાં ઉડાડવામાં આવતી ચલણી નોટો સહિત કથામાં આવતી તમામ



રકમ અમરેલીના સારહી તપોવન વૃદ્ધાશ્રમમાં આપવામાં આવશે. આ વૃદ્ધાશ્રમમાં રહેતા નિરાધાર વૃદ્ધોને અહીં નિઃશુલ્ક રાખવામાં આવે છે ત્યારે આ કથા કરનાર દુધાત પરિવાર દ્વારા આ તમામ રકમ આશ્રમને અર્પણ કરવામાં આવશે. દુધાત પરિવાર દ્વારા આ પ્રકારની પહેલ સમાજને નવો રાહ બતાવશે. હાલ સવારે સપ્તાહ અને વિવિધ ધાર્મિક પ્રસંગો યોજાઈ રહ્યા છે. રાત્રીના સમયે લોકડાયરો યોજાય તેમાં આવતી રકમ, કથામાં વ્યસપીઠ ઉપર આવતી તમામ રકમ આશ્રમમાં અર્પણ કરવામાં આવશે.

# જિલ્લામાં આગામી તા. ૨૮ નવેમ્બર સુધી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ

અમરેલી તા.૧૧

જિલ્લામાં આગામી તા.૨૮ નવેમ્બર,૨૦૨૪ સુધી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ શરુ છે. તા.૦૧.૦૧.૨૦૨૫ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેવા ભારતીય નાગરિકો મતદારયાદીમાં તેમના નામની નોંધણી કરાવી શકશે. મતદાર તરીકે અગાઉથી નોંધાયેલા છે તેવા નાગરિકોએ મતદાર યાદીમાં નામ, વિગત, ફોટો અચૂક ચકાસી લેવા, જરુર જણાય તો ફેરફાર કરવા માટેની અરજી આપવી. નામ નોંધણી માટે અથવા ફેરફાર માટે વોટર હેલ્પલાઈન મોબાઈલ એપ, www.voterprotal.eci.gov.in, www.nvsp.in પોર્ટલ ઉપરાંત હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરવો. મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ અંતર્ગત તા.૧૭ નવેમ્બર,૨૦૨૪ને રવિવાર, તા.૨૩ નવેમ્બર,૨૦૨૪ને શનિવાર, તા.૨૪ નવેમ્બર, ૨૦૨૪ને રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી સંબંધિત વિસ્તારના મતદાન મથક પર સંપર્ક કરવો. મતદારયાદીમાં નાગરિક-મતદાતાના નામ સાથે આધાર લીંક કરવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. મતદાનનો અધિકાર પ્રાપ્ત કરવા, મતદાર યાદીમાં નામ નોંધણી ભૂલશો નહીં, મતદાનનો મોકો ચૂકશો નહીં.

# બવાડા પ્રાથમિક શાળા પરિવારનો ભવ્ય લોકડાયરો, શિક્ષકનું સન્માન

લીલીયા,તા.૧૧




લીલીયા તાલુકાના બવાડા ગામે આવેલી પ્રાથમિક શાળા પરિવાર દ્વારા ભવ્ય લોકડાયરો યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમગ્ર ગ્રામજનો જોડાયા હતા. લોકગાયક વિમલ મહેતા અને અન્ય કલાકારોએ પોતાની કલાથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળામાંથી બદલી થઈને જતા શિક્ષક મહેન્દ્રભાઈ કાવઠીયાનું વિદાય સન્માન પણ કરવામાં આવ્યું હતું. દાનમાં એકત્ર થયેલી રકમ પક્ષીઓના ચણમાં વાપરવામાં આવશે.

# અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ ખાતે નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કરાયુ

અમરેલી,તા.૧૧

અમરેલીમાં શાંતાબા મેડિકલ કોલેજ ખાતે દાખલ થનાર વિદ્યાર્થીઓનું સ્વાગત સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલા,વસંતભાઈ ગજેરા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરી મુખ્ય મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મેડિકલ કોલેજમાં



નવા આવેલ ૨૦૦ વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા અને નેશનલ મેડીકોઝ ઓર્ગેનાઈઝેશન જે રાષ્ટ્રીય સ્તરે ચાલે છે જે અંગે નવા આવેલ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

પરિક્રમાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટે નિર્ણય લેવામાં આવ્યો

# જૂનાગઢ લીલી પરિક્રમા જવા માટે અમરેલી એસ.ટી.ડિવિઝન એક્સ્ટ્રા બસ દોડાવશે

**જેમ-જેમ ટ્રાફિક વધશે તેમ બસની સંખ્યામાં વધારો કરવામાં આવશે : ડીસી સોલંકી**

અમરેલી,તા.૧૧

આજથી જૂનાગઢમાં લીલી પરિક્રમા શરૂ થવા જઈ રહી છે. આ પરિક્રમા કરવા જવા માટે શ્રદ્ધાળુઓને તકલીફ ન પડે તે માટે અમરેલી એસ.ટી. વિભાગ દ્વારા ૧૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી રહી છે. મળતી વિગત મુજબ જૂનાગઢમાં લીલી પરિક્રમાનું વિશેષ મહત્વ રહેલું છે. દર વર્ષે ગરવા ગિરનારની પરિક્રમા કરવા માટે ન માત્ર ગુજરાત પરંતુ અન્ય રાજ્યોમાંથી પણ લોકો મોટી સંખ્યામાં આવતા હોય છે, જેમાં સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાંથી લોકો લીલી પરિક્રમા કરવા માટે જૂનાગઢ પહોંચે છે, જેથી અમરેલી એસ.ટી. ડિવિઝન વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમરેલી ડિવિઝન એસ.ટી. વિભાગના નિયામક સોલંકીના જણાવ્યા મુજબ લીલી પરિક્રમાને ધ્યાનમાં રાખીને અમરેલી, ઉના, કોડીનાર સહિતના ડેપોમાંથી એક્સ્ટ્રા બસ દોડાવવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પરિક્રમા માટે વિશેષ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. પરિક્રમાર્થીઓને જૂનાગઢ ડેપોથી ગીરનાર તળેટીએ જવા માટે ૧૦ મીની બસ જૂનાગઢ એસ.ટી. ડેપોને આપવામાં આવી છે.

# ચલાલામાં તુલસી વિવાહ સાથે ૪૨મા સર્વજ્ઞાતિય સમૂહલગ્નનું ભવ્ય આયોજન

**શિવસાંઇ મંદિર ખાતે આઠ યુગલો પ્રભુતામાં પગલાં પાડશે ; રાત્રિ લગ્નવિધિનું અનોખું આયોજન**

ચલાલા, તા.૧૧

ચલાલા ખાતે ધારી રોડ પર આવેલ શ્રી શિવસાંઇ મંદિર-શનિદેવ મંદિર ખાતે તા.૧૨ નવેમ્બરે તુલસી વિવાહ સાથે ૪૨મા સર્વજ્ઞાતિય સમૂહલગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મોગલમા માનવ સેવા ટ્રસ્ટ-સુરતના સહયોગથી શિવસાંઈ ગ્રુપ ચલાલા દ્વારા યોજાનાર આ કાર્યક્રમમાં આઠ યુગલો લગ્નગ્રંથિથી જોડાશે. આ પાવન પ્રસંગે રામજી મંદિર કમી કેરાળાથી ઠાકોરજીની જાન સાંજે ૬:૩૦ કલાકે પધારશે. ત્યારબાદ સાંજે ૭:૩૦ કલાકે લગ્નવિધિ, રાત્રે ૭:૩૦ કલાકે અભિવાદન સમારોહ, રાત્રે ૮:૦૦ કલાકે ભોજન સમારંભ અને રાત્રે ૯:૪૫ કલાકે જાન વિદાયનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેવાકીય પ્રવૃત્તિ માટે લોક સહયોગ આવકાર્ય છે. દાન-ભેટ માટે પુજારી રાજુભાઈ કે. જાની (ફોનઃ ૯૪૦૮૨૭૮૮૫૩, ૯૪૨૮૨૬૧૦૧૪)નો સંપર્ક કરી શકાય છે. મહંત પુજારી ગુણવંતદાસ ગોરધનદાસ કમી કેરાળા દ્વારા સમસ્ત ગામ વતી ઠાકોરજીની જાનમાં પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સાંપ્રત સમયમાં જવલ્લે જોવા મળતી રાત્રિ લગ્નવિધિનું આ અનોખું આયોજન છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલ્ડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી અને રાજકોટના સાંસદ પરશોતમ રૂપાલાના હસ્તે

# અમરેલીમાં ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ

અમરેલી,તા.૧૧

રાજયભરમાં સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે ત્યારે અમરેલીમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલાના હસ્તે ટેકાના ભાવે મગફળી, અડદ, મગ, સોયાબીનની ખરીદીનો પ્રારંભ



અમરેલી માર્કેટીંગ યાર્ડ ખાતે K.G.V.R કો.ઓપ. સોસાયટી દ્વારા કરાયો હતો. આ કાર્યક્રમમાં કૌશિકભાઈ વેકરીયા, ભરતભાઈ સુતરીયા, નારણભાઈ કાછડીયા, અશ્વિનભાઈ સાવલીયા, મનીષભાઈ સંઘાણી, જયંતિભાઈ પાનસુરીયા, જયેશભાઈ નાકરાણી, ધીરૂભાઈ વાળા, ઘનશ્યામભાઈ ત્રાપસીયા, દલસુખભાઈ દુધાત, રામભાઈ સાનેપરા સહિત રાજકિય આગેવાનોની સાથે ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.



### ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં "કટકી કરી તો ખેર નથી" : દિલીપ સંઘાણી

અમરેલીમાં પુરુષોત્તમભાઈ રૂપાલા અને દિલીપભાઈ સંઘાણીના હસ્તે મગફળીની ખરીદીનો પ્રારંભ કરાયો હતો. ટેકાના ભાવે ખરીદી દરમિયાન ખેડૂતો પાસેથી કેટલાક લોકો કમિશન લેતા હોય છે તેવી ફરિયાદો ભૂતકાળમાં ઉઠતી રહી છે. ત્યારે દિલીપભાઈ સંઘાણીએ કહ્યું હતું કે, ક્યાંય ખેડૂતોના હિતને નુકસાન થતું દેખાશે તો કોઈને પણ બક્ષવામાં નહીં આવે. સાથે કહ્યું હતું કે, કોઈના ધ્યાન પર કોઈ ગેરરીતિ આવે તો મારુ ધ્યાન દોરજો. લાઠીમાં ભાજપનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ જાહેર મંચ પરથી ખરીદીમાં ગેરરીતિ ન થાય તે માટે 'કટકીબાજો'ને ચેતવ્યા હતા. હું મીડિયાના માધ્યમથી કહુ છું ગુજરાત ભરમાં ગેરરીતિ થાય તો મારા ધ્યાને મુકજો. ખેડૂતોનું શોષણ સીધું કે આડકતરી રીતે થયું હશે તો કોઈપણને બક્ષવામાં નહિ આવે.

# રાશનકાર્ડ માટે ઈ-KYCની પ્રક્રિયા સરળ બનાવવા મુખ્યમંત્રીને રજૂઆત

રાજુલા,તા.૧૧

અત્યારે રાશનકાર્ડ અને નામ ધારકોના આધાર કાર્ડ લિંક કરી ઈ-KYCની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી લગભગ એક માસથી ચાલુ છે છતાંય માત્ર ૪૦ ટકા જેટલી કામગીરી થઈ શકી છે. મામલતદાર કચેરીમાં લોકોએ કુટુંબ સહિત એકથી બે કલાક લાઈનમાં ઉભું રહેવું પડે છે. લોકોને પોતાની રીતે my ration એપ પર ઈ-KYC કરવામાં સફળતા મળતી નથી, સર્વર ધીમું ચાલવાથી કલાકોનો સમય વેડફાય છે. બીજી બાજુ ખાનગી એજન્સીઓ એક નામ માટે રૂ. ૨૦ થી રૂ. ૫૦ નો ચાર્જ લે છે. આ પ્રક્રિયા સરળ બનાવવા માટે નગરપાલિકા/ મહાનગરપાલિકા વિસ્તારમાં વોર્ડ પ્રમાણે સ્વયંસેવકો અને ચૂંટાયેલા સભ્યોની મદદથી કામગીરી કરવામાં આવે તેવું સૂચન કરી પ્રા. જે.એમ.



તળાવીયાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને એક પત્ર પાઠવી રજૂઆત કરી છે. તેમણે આ અંગે પુરુષોત્તમભાઈ રૂપાલા સાંસદ- રાજકોટ, મનસુખભાઈ માંડવીયા કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર, ભરતભાઈ સુતરીયા- સાંસદ અને કૌશિકભાઈ વેકરીયા-ધારાસભ્યને પણ પત્રની નકલ પાઠવી છે.

# બગસરામાં સનાતન મહિલા ગૃપ દ્વારા મા-દીકરીનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

બગસરા, તા.૧૧

બગસરામાં સનાતન મહિલા ગ્રુપ દ્વારા આયોજિત 'મા-દીકરી સ્નેહમિલન' કાર્યક્રમ યોજાયો હતો. માત્ર માતા-દીકરી વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવાના લક્ષ્યને સાથે રાખીને, આ કાર્યક્રમમાં મહિલા સશક્તિકરણ અને સમાજમાં પ્રવર્તતી કેટલીક સમસ્યાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં માતા-દીકરીઓએ ભાગ લીધો હતો. વકીલ નિકિતાબેન પાંડયાએ મહિલાઓને જાગૃત કરીને તેમને સ્વરક્ષણ જેવા પાસાઓ વિશે માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં બગસરાની



કેટલીક પ્રતિભાશાળી દીકરીઓએ પોતાના અનુભવો વાગોળ્યા હતા. તેમણે કઈ રીતે સફળતા મેળવી તેવી વાતો કરીને અન્ય મહિલાઓને પ્રેરણા આપી હતી. સનાતન મહિલા ગ્રુપ અને સનાતન ગ્રુપના તમામ સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.






# રાજુલાના મહાકાળી માતાજી મંદિરે મંગળવારે તુલસી વિવાહ યોજાશે


રાજુલા,તા.૧૧

રાજુલા શહેરમાં જી.ઈ.બી. પાછળ ફોરેસ્ટ કોલોની બાજુમાં મહાકાળી માતાજી મંદિરે આ વર્ષે પણ ૧૨/૧૧/૨૦૨૪ને મંગળવારના શુભ દિવસે ભગવાન ઠાકોરજીની સાથે તુલસી માતાના શુભ લગ્નનું આયોજન કરેલ છે. આ તુલસી વિવાહમાં ભાગ લેવા અને સહકાર આપવા જાહેર નિમંત્રણ છે. મંડપ મુહૂર્ત ૧૨/૧૧/૨૪ના રોજ સવારે ૮:૩૦ કલાકે અને તુલસી વિવાહ સાંજે ૬:૧૫ કલાકે યોજાશે. ઠાકોરજીની જાન ચૌહાણ દીપકભાઈ કાનાભાઈ જાફરાબાદ રોડ કૌશિકનગરથી આવશે. લાખાભાઈ આનંદભાઈ પરમાર કુંડલીયાળી વાળા મહાકાળી માતાના મંદિરે કન્યાદાન આપશે. સંત દર્શન શ્રી શિવરામ બાપુ- બાબરકોટ, શ્રી કનક ગીરીબાપુ- રાજુલા ઉપસ્થિત રહેશે. ભોજનપ્રસાદ સાંજના ૭:૩૦ કલાકે યોજાશે. દીકરીઓ માટે ફરાળ રાખેલ છે. આ કાર્યક્રમના નિમંત્રક શ્રી શંભુ ભગત, અશ્વિનભાઈ અને મુકેશભાઈ છે.

# લીલીયા તાલુકાના અંટાળેશ્વર મહાદેવ મંદિરે ભવ્ય અન્નકૂટ મહોત્સવ યોજાયો

લીલીયા,તા.૧૧

લીલીયા તાલુકાના અંટાળેશ્વર મહાદેવ મંદિરે દિવ્ય અન્નકૂટ મહોત્સવ ભવ્ય રીતે યોજાયો હતો. કૈલાશપતિ શ્રી



અંટાળેશ્વર મહાદેવ મંદિરની પરંપરા અનુસાર આ વર્ષે સવંત ૨૦૮૧ કારતક સુધી ૧ને તા. ૨.૧૧.૨૦૨૪ શનિવારના રોજ ભાવિક ભક્તોની ભીડ સાથે ઉત્સવ યોજાયો હતો. આ ૮૦૦ વર્ષ પુરાણા મંદિરમાં લોકો આસ્થા ધરાવે છે. સ્વયંભુ શ્રી અંટાળેશ્વર મહાદેવ ભોળાનાથ સૌની મનોકામના પૂર્ણ કરે છે. આ પ્રસંગે ટ્રસ્ટ મંત્રી વિઠ્ઠલભાઈ માંદળીયા, સુરેશભાઈ રૂપારેલીયા, હિંમતભાઈ કાવાણી, ઘનશ્યામભાઈ લાંભિયા, ટ્રસ્ટીઓ, સેવક ગણ અને ધર્મ પ્રેમી ભાઈઓ તથા બહેનોએ બહોળી સંખ્યામાં અન્નકૂટ મહાપ્રસાદનો લાભ લીધો હતો તેવું ઘનશ્યામભાઈની યાદી જણાવે છે.
















# રાજુલાની શ્રીજીનગર સોસાયટીમાં ગટરના પાણી ભરાતા રહીશોમાં રોષ


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૧૧

રાજુલા શહેરમાં હોટલ વ્હાઈટ હાઉસ પાસેની શ્રીજીનગર સોસાયટીમાં વર્ષોથી ગટરના પાણી ઊભરાવવાની સમસ્યા વકરી રહી છે. આજે ફરીથી ગટરના પાણીનો જળબંબાકાર સર્જાતા લોકોમાં વધુ નારાજગી જોવા મળી રહી છે. નગરપાલિકાનો વહીવટ સંપૂર્ણ ખાડે ગયો હોવાને કારણે શહેરીજનોની મુશ્કેલી વધી રહી છે. સોસાયટીમાં ગટરના ગંદા પાણી અને કચરાના ઢગલાના કારણે રહીશોમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઉભી થઈ છે. ગટરના પાણી નદીની જેમ લોકોના ઘરમાં ઘૂસી જાય છે અને ઉપરવાસમાંથી આવતું ગટરનું પાણી પ્રેસર સાથે માર્ગો ઉપર ફરી વળે છે. પાણીનો નિકાલ નહિ થતા દુર્ગંધ મારતું પાણી રહીશોના પટાંગણમાંથી સીધું મકાનોમાં આવતું હોવાથી ભારે કચવાટ ફેલાયો છે. ગટરના પાણીની આ સમસ્યાનો કાયમી નિકાલ કરવામાં આવે તેવી લોકોએ માગણી કરી છે. નગરપાલિકાના કર્મચારીઓ કામગીરી નહિ કરતા હોવાને કારણે વધુ મુશ્કેલી સર્જાય રહી છે. કચરાની ગાડીઓ બંધ છે. રહીશોએ જણાવ્યું હતું કે આ ગટરના પાણી દુર્ગંધ મારે છે. અમારા ઘરમાં ઘૂસી જાય છે. ગટરના ગંધાતા પાણીને કારણે થોડા દિવસ પહેલા પ્રાંત કચેરીમાં આવેદનપત્ર આપ્યું હતું છતાં કોઈ પરિણામ આવ્યું નહિ હવે જિલ્લા કલેકટર પાસે મહિલાઓ સાથે નાછૂટકે રજૂઆત કરીશુ. આ અંગે નગરપાલિકા વહીવટદાર મામલતદાર હરેશ પુરોહિતે કહ્યું હતું કે, હાલ સૂચના આપી છે અને મેં નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર સહિતને મામલતદાર કચેરીમાં બોલાવ્યા છે કાયમી નિરાકરણ આવે તેવા પ્રયાસ કરી રહ્યા છે. સ્થાનિકોએ એવી ચીમકી પણ ઉચ્ચારી છે કે, જો આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો નગરપાલિકાની આવનારી ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરાશે.

**સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો નગરપાલિકાની આવનારી ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરાશે**

# જાફરાબાદ તાલુકાના છેલણા ગામે મેગા ટીબી રોગ નિદાન કેમ્પ યોજાયો

જાફરાબાદ, તા.૧૧



છેલણા ગામે આજે પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અંતર્ગત જાફરાબાદ તાલુકા હેલ્થ ઓફિસર ડો. ટાંક અને ડો. નકુમ સાહેબના માર્ગદર્શન મુજબ આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મારૂ ગામ, ટીબી મુક્ત ગામને અનુલક્ષી ટીબી રોગ માટે ફ્રીમાં તપાસ તેમજ સારવાર માટે સંપૂર્ણ જાણકારી તાલુકા સુપરવાઈઝર સંદીપભાઈ જોશી દ્વારા આપવામાં આવેલી હતી. ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં આરોગ્ય વિભાગમાંથી CHO ચંદ્રિકાબેન, FHW શિલ્પાબેન, MPHW અશ્વિનભાઇ, સંરપચ દિપકભાઇ અને ઉપસરપંચ ધીરૂભાઈએ આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# અમરેલીના મોણપુર ગામની સીમમાં મજૂરી કરતાં પરપ્રાંતીય યુવકને સર્પ દંશ

અમરેલી, તા.૧૧

અમરેલીના મોણપુર ગામની સીમમાં કામ કરતાં એક પરપ્રાંતીય શ્રમિકને સાપ કરડી જતાં ઝેરી અસર થવાથી બેભાન હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મૂળ મધ્યપ્રદેશના જોબટ તાલુકાના અને હાલ મોણપુર ગામે વાડીએ રહેતા કેસરીયાભાઈ સીખીયાભાઈ મોહનીયા (ઉ.વ.૨૮)એ જાહેર કર્યા મુજબ, તેમના મોટાભાઈ કમરૂબાઈ સીખીયાભાઈ મોહનીયા બળેલ પીપરીયા ગામે જવાના રસ્તે નાનજીભાઈ પટેલની વાડીએ ખેત મજૂરીએ ગયા હતા અને કામ કરતા હતા. તે સમયે ડાબા હાથના અંગુઠા પાસે ઝેરી સાપ કરડી જતા બેભાન હાલતમાં સારવારમાં દાખલ કર્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.જી.ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીનો યુવક પેરા મિલેટ્રી SSB ટ્રેનિંગ પૂર્ણ કરી માદરે વતન પધારતા ભવ્ય સ્વાગત કરાયું

અમરેલી, તા.૧૧


તસવીર : સંજય વાળા

અમરેલી જિલ્લાના ધારી ગામે ફરી એકવાર ભારત દેશની સિમા સુરક્ષા માટે ટ્રેનિંગ ઉત્તર પ્રદેશ ગોરખપુર મુકામે પૂર્ણ કરી પેરા મિલેટ્રી એસએસબીમાં સ્થાન મેળવ્યું હતું. ધારી ગામના ભાવેશભાઈ ઈશ્વરભાઈ પરમાર પેરા મિલેટ્રી SSB ટ્રેનિંગ પૂર્ણ કરી માદરે વતન ધારી આવતા સૈનિકના સ્વાગત સન્માન માટે થનગનાટ જોવા મળી રહ્યો હતો. એમનું અભિવાદન કરવા માટે ધારી તાલુકા સમાજ સેવક બજરંગ ગ્રુપ પ્રમુખ પરેશભાઈ પટણી મહામંત્રી કિસાન મોરચા અમરેલી જિલ્લા તેમજ વિવેકભાઈ પરેશભાઈ પટણી, ધારી સમસ્ત કોળી સમાજ વતી રમેશભાઈ બી. મકવાણા, ઉપ પ્રમુખ અમરેલી જિલ્લા અખિલ ભારતીય કોળી સમાજ ધારી સહિત અનેક લોકોએ સ્વાગત સન્માન કર્યું હતું.

# વિશ્વ પરિવહન દિવસની રાજુલા ડેપો ખાતે ઉજવણી કરવામાં આવી



રાજુલા, તા.૧૧

અમરેલી ડિવિઝનના વિભાગના નિયામક સોલંકી તેમજ રાજુલા ડેપો મેનેજર મમતાબેન જોશીના માર્ગદર્શન હેઠળ રાજુલા ડેપો ખાતે મુસાફરોને ચોકલેટ વિતરણ કરી વિશ્વ પરિવહન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં દરેક ગામ તેમજ શહેરોમાંથી દરરોજ લાખો મુસાફરો મુસાફરી કરાવતી આ બસોમાં પણ ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# અમરેલીમાં વહુએ સાસુને જાનથી મારવાના ઈરાદે અંડર ગ્રાઉન્ડ પાણીના ટાંકામાં નાખી દીધા

**સાસુનો અવાજ બહાર ન જાય માટે મોટર ચાલુ કરી દીધી**

અમરેલી, તા.૧૧

અમરેલી શહેરમાં સાસુ-વહુના ઝઘડાનો ચોંકાવનારો કિસ્સો પોલીસમાં નોંધાયો હતો. વહુએ સાસુને જાનથી મારી નાખવાના ઈરાદે અંડર ગ્રાઉન્ડ પાણીના ટાંકામાં નાખીને મોટર ચાલુ કરી દીધી હતી. બનાવ સદંર્ભે આશાબેન શાંતીલાલ કુકડીયા (ઉ.વ.૫૬) એ પુત્રવધૂ અક્ષીતાબેન તેજસભાઈ કુકડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને તેમની પુત્રવધૂ સાથે કામકાજ બાબતે બોલાચાલી થઈ હતી. જે બાબતનું વહુએ મનદુ:ખ રાખી ઘરના ફળીયામાં આવેલા અંડર ગ્રાઉન્ડ પાણીના ટાંકામાં જાનથી મારી નાખવાના ઈરાદે નાખી દીધા હતા. ઉપરાંત તેઓ બહાર ન નીકળી શકે તે માટે ટાંકાનું ઢાંકણું બંધ કરીને માથે ઉભા રહી ગયા હતા. તેમનો મદદ માટે અવાજ બહાર ન જાય તે માટે પાણીના ટાંકાની મોટર પણ ચાલુ કરી દીધી હતી.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.કે. ઓડેદરા વધુ તપાસ કરી રહ્યા છે.

# વાડીનો શેઢો કોતરવાની ના પાડતાં ખેડૂતને દાતરડું માર્યું

**સાવરકુંડલાના ગાધકડા ગામનો બનાવ**

સાવરકુંડલા, તા.૧૧

સાવરકુંડલાના ગાધકડા ગામે રહેતા એક પ્રૌઢ ખેડૂત તેની વાડીએ ભેંસોને પાણી તથા નીરણ નાખવા ગયા ત્યારે એક યુવક તેમની વાડીનો શેઢો કોતરતો હતો. જેથી તેમણે આમ કરવાની ના પાડતાં ઉશ્કેરાઈને દાતરડું માર્યું હતું. બનાવ અંગે લાલજીભાઈ નારણભાઈ ડાભી (ઉ.વ.૭૫)એ કચરાભાઈ પોલાભાઈ મકવાણા તથા જેઠાભાઈ કચરાભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પોતાની વાડીએ ભેંસોને પાણી તથા નીરણ નાખવા ગયા ત્યારે કચરાભાઈ મકવાણા તેમની વાડીનો શેઢો કોતરતા હોવાથી તેમને ના પાડી હતી.

જેથી આરોપીએ ઉશ્કેરાઈને તેના હાથમાં રહેલું દાતરડું મારીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી.

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.એ. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# 'તમે મને શેરીમાંથી ચાલવા દેવાની કેમ ના પાડો છો' કહેતા યુવતીને ગાળો આપી

**સાવરકુંડલાના ધાર ગામની ઘટના**

સાવરકુંડલા, તા.૧૧

સાવરકુંડલાના ધાર ગામે એક યુવતીએ તેમના જ ગામના યુવકને 'તમે મને શેરીમાંથી ચાલવા દેવાની કેમ ના પાડો છો' તેમ કહેતા ફોનમાં ગાળો તેમજ ધમકી આપી હતી. બનાવ સંદર્ભે દયાબેન બાબુભાઈ રામાણી (ઉ.વ.૩૭) એ ભાવેશભાઈ ભોજભાઈ બોરીચા (ઉ.વ.૨૮) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આરોપીને ફોન કરીને જણાવ્યું કે, 'તમે કેમ મને શેરીમાંથી ચાલવા દેવાની ના પાડો છો' તેમ કહેતા ફોનમાં ગાળો તથા ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય. એસ.વનરા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરાપુરથી બરવાળા બાવીશી ગામ તરફના રોડ પર બે બાઈક અથડાતાં એકનું મોત

**જિલ્લામાં વાહન અકસ્માતની વધુ બે ઘટના બની**

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લામાં દિવાળી બાદ વાહન અકસ્માતની ઘટનામાં વધારો થયો છે. બે ઘટનામાં બે લોકોના મોત તથા બે લોકો ઘાયલ થયા હતા. વડીયાના અમરાપુર ગામથી બરવાળા બાવીશી ગામ તરફના રોડ પર બે ટુ વ્હીલ સામસામી અથડાતાં એકનું મોત અને એક ઘાયલ થયા હતા. બનાવ અંગે અમરાપુર ગામની સીમમાં વાડીએ રહેતા મૂળ મધ્યપ્રદેશના જોબટ તાલુકાના છાવરી ભાભરીયા ફળીયાના સાયરીબેન રાજુભાઈ ભાભોર (ઉ.વ.૪૫)એ જીજે-૨૦-સી-૦૩૭૧ નંબરના ટુ વ્હીલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પતિ ટુ વ્હીલ લઈને ઉપરોક્ત સ્થળેથી પસાર થતાં હતા ત્યારે સામેથી આવેલા ટુ વ્હીલ ચાલકે તેમને ટક્કર મારી હતી. જેથી નીચે પડી જવાથી ગંભીર ઈજા થતાં સારવાર અર્થે ખસેડ્યા હતા. જ્યાં તેમનું મોત થયું હતું. અકસ્માત સર્જનાર ટુ વ્હીલ ચાલક પણ ઘાયલ થયો હતો. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.એમ.વાઢેર વધુ તપાસ કરી રહ્યા છે. બીજી ઘટનામાં જાફરાબાદના ભાડેર ગામે રહેતા કૈલાશબેન લાલજીભાઈ મહીડા (ઉ.વ.૪૭)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ તથા ભત્રીજો ખાંભા રોડ પર નાગધ્રા ચોકડી પાસેથી ટુ વ્હીલ લઈને પસાર થતા હતા ત્યારે બ્લુ કલરના ટેમ્પો ચાલકે ટક્કર મારતાં તેમના પતિને ઈજા થતાં મોત નિપજ્યું હતું. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. બી.સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# પત્નીને તેડવા આવેલા પતિને સસરા-સાળાએ મુંઢમાર મારતાં લાગી આવ્યું

વડીયા, તા.૧૧

બગસરાના જુની હળીયાદ ગામે રહેતા સાગરભાઈ મુળજીભાઈ દાફડા (ઉ.વ.૩૪) એ જાહેર કર્યા મુજબ, તેઓ તેમના પત્નીને તેડવા અમરનગર ગામે જતાં ત્યાં તેના સસરા તથા સાળાએ મુંઢમાર માર્યો હતો. જેથી તેમને લાગી આવતાં વડીયા પુલ પાસે ફીનાઈલ પી લીધું હતું. જેથી તેમને સારવાર અર્થે ખસેડાયા હતા. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એન. ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: અગિયારસ
તા. ૧૨-૧૧-૨૦૨૪, મંગળવાર, સૂર્યોદય-૦૬:૪૧, સૂર્યાસ્ત-૦૫:૨૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૧૨-૧૧-૨૦૨૪ — મંગળવાર

મેષ: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો.

વૃષભ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

મિથુન: આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે.

કર્ક: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. જેનાથી મનને શાંતિ મળશે.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. ધંધાની દ્રષ્ટિએ દિવસ સુખદ રહેશે.

કન્યા: ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.

તુલા: આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. તમે મિત્રો સાથે ફરવા જઈ શકો છો.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે.

ધન: વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો.

મકર: કૌટુંબિક ખર્ચમાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

કુંભ: આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

મીન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે.






તંત્રી લેખ

# બરમુડા ટ્રાઈએંગલનું રહસ્ય બેનકાબ

બરમુડા ટ્રાઈએંગલનું રહસ્ય વર્ષો જૂનું છે. લોકોને એવું લાગે છે કે આ જગ્યા પર એલિયન્સ અથવા તો ભૂતોનો વાસ છે. આ જગ્યા પરથી પ્લેન અને જહાજ ગાયબ થઈ જાય છે. શું હકીકતમાં એવું હોય છે અને ખરેખર આવું કેટલા સમયથી થઈ રહ્યું છે અને આ જગ્યાએ કેટલા પ્લેન અને જહાજ બરમુડા ટ્રાઈએંગલમાં ગાયબ થઈ ચૂક્યા છે? દુનિયાભરના દરિયાઈ જહાજોની અંતિમ યાત્રા અલંગમાં સમાપ્ત થાય છે. અહીં તમામ જહાજોનું કામ તમામ થાય છે. પરંતુ આવું જ એક દરિયાઈ જહાજોનું કુદરતી સ્મશાન પણ આવેલું છે. અહીં જહાજને રીસાઈકલ કરનાર કુદરત છે. જેનો ભંગાર ભેદી રીતે ગાયબ થઈ જાય છે. અહીં શિપ બ્રેકિંગ કરનાર કુદરત છે. આ ટ્રાઈએંગલમાં અત્યાર સુધીમાં ૫૦ જહાજ અને ૨૦ વિમાન ગુમ થઈ ચુક્યા છે. જ્યારે બરમુડા ટ્રાઈએંગલની વાત આવે એટલે મનમાં ઘણા ઘણા સવાલ અને ડર આવે છે. આ જગ્યાની ઘણી વાતો પણ યાદ આવી જતી હોય છે. બરમુડા ટ્રાઈએંગલની વર્ષોથી જાણીતી વાતોમાં એવું રહસ્ય છે, જેના વિશે ઘણા લોકોને સંપૂર્ણ જાણકારી તો નથી, ઘણા લોકો ખોટી માહિતી આપે છે અને ઘણા લોકો તેને ભૂતો સાથે જોડી દે છે. એવું પણ માનવામાં આવે છે કે બરમુડા ટ્રાઈએંગલ પરથી જે પણ જહાજ કે પ્લેન જાય છે તે પાણીમાં ગરકાવ થઈ જાય છે. તો મનમાં સવાલ એ આવે કે હાલ સુધીમાં એવા કેટલા પ્લેન અને જહાજ આ બરમુડા ટ્રાઈએંગલમાં ડૂબી ચૂક્યા છે? અમે તેમને આ વિશે જાણકારી આપીશું જેને જાણીને તમે ચોંકી જશો. વર્ષ ૧૯૬૪માં બરમુડા ટ્રાઈએંગલની મોટા ભાગે વાતચીત થાય છે. અમેરિકાના લેખક વિસેંટ ગૈડિસે ''અર્ગોસી મેગેઝિન''માં આ ટ્રાઈએંગલની વાત કરી છે. તેમણે આ શબ્દોનો ઉપયોગ એટલાન્ટિક મહાસાગરમાં આવેલ એક ટ્રાઈએંગલ નુમા વિસ્તાર વિશે જણાવતા કહ્યું હતું. જે અમેરિકાના ફ્લોરિડાથી ખૂબ નજીક આવેલ છે. બરમુડા ટ્રાઈએંગલની કોઈ ફિક્સ બાઉન્ડ્રી નથી. માત્ર જાણકારો દ્વારા એક અદ્રશ્ય ટ્રાઈએંગલ મારફતે તેના વિશે જણાવે છે. તેને “ડેવિલ્સ ટ્રાઈએંગલ” અટલે કે શેતાનનું ટ્રાઈએંગલ પણ કહેવાય છે. ૧૯૪૫માં અમેરિકન નેવીના ૫ પ્લેન આ ટ્રાઈએંગલમાં ગયા હતા પરંતુ ત્યાં ગયા પછી તેમનો અને ૧૪ સૈનિકોનો કોઈ પત્તો નથી લાગી રહ્યો. ૧૯૮૦ સુધી લગભગ ૨૫ નાના-મોટા પ્લેન અને જહાજ આ વિસ્તારમાં ગાયબ થઈ ગયા છે. કેટલી ઘટનાઓ બની છે? : સામાન્ય અંદાજ મુજબ “બ્રિટાનિકા વેબસાઈટ” પ્રમાણે, અહીંથી ૫૦ જહાજો અને ૨૦ પ્લેન ગુમ થયા છે. જોકે, કેટલાક રિપોર્ટ આ સંખ્યા વધુ હોવાનો દાવો પણ કરે છે. ઘણા જહાજોનો કાટમાળ પણ મળ્યો નથી. લાંબા સમયથી લોકો માનતા હતા કે અહીં એલિયન્સ સાથે સીધો સંબંધ છે અથવા તો ભૂત અહીં રહે છે. ઘણા લોકો એવો પણ દાવો કરે છે કે ત્યાં વધુ ગુરુત્વાકર્ષણ છે, જેના કારણે જહાજો અથવા વિમાનો પાણીમાં સમાઈ જાય છે. આજે ઘણા જહાજો બરમુડા ટ્રાઈએંગલમાંથી પસાર થાય છે પરંતુ કોઈ ગુમ થતું નથી. બરમુડા ટ્રાયેન્ગલ કરતાં વધુ ઘટના અમેરિકાના જમીની વિસ્તારોમાં બની છે : વૈજ્ઞાનિકોના મતે, આ વિસ્તાર વિશે વધુ અફવાઓ હતી જેના કારણે તેને રહસ્યમય માનવામાં આવતું હતું. સામાન્ય અકસ્માતોની જેમ અહીં અગાઉ પણ અકસ્માતો થયા છે.

# દેવદિવાળી એટલે શિવપૂજા કરી તુલસી વિવાહ ઉજવવાનો ઉત્સવ

આપણા સનાતન ધર્મમાં દિવાળીનું ખુબ જ મહત્વ છે. તેવી જ રીતે દેવ દિવાળીનું પણ એટલુ જ મહત્વ છે. હિંદુ પંચાગ અનુસાર કારતક મહિનાની પૂર્ણિમાના દિવસે દેવ દિવાળીના પર્વની ઉજવણી કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ દિવાળી બધા દેવતાઓની કૃપાને સાથે લઈને આ પર્વ આવે છે. કાર્તિક પૂર્ણિમાના દિવસે દેવ દિવાળી મનાવવાની વર્ષો જુની પરંપરા છે. જે આજે પણ નિભાવવામાં આવી રહી છે. આ દિવસે ભગવાન વિષ્ણુની આરાધના કરવાનું વિશેષ મહત્વ રહેલુ છે. આ પવિત્ર દિવસે ભગવાન ભોળાનાથની પૂજા અર્ચના પણ કરવામાં આવે છે. દેવ દિવાળીના દિવસે ભગવાન શિવની પૂજા કેમ કરવામાં આવે છે તેની કોઈને ખબર નહિ હોય. દેવ દિવાળીના દિવસે ભગવાન શિવની પૂજા શા માટે કરવામાં આવે છે અને તેનું મહત્વ શું છે તેની કથા શિવ પુરાણ તથા વિષ્ણુ પુરાણમાં અને નારદ પુરાણમાં આપેલી છે. આપણા ધર્મમાં દિવાળીનું ખુબ જ મહત્વ છે. તેવી જ રીતે દેવ દિવાળીનું પણ એટલુ જ મહત્વ છે. હિંદુ પંચાગ અનુસાર કારતક મહિનાની પૂર્ણિમાના દિવસે દેવ દિવાળીના પર્વની ઉજવણી કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ દિવાળી બધા દેવતાઓની કૃપાને સાથે લઈને આ પર્વ આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર દિવાળીના ૧૫ દિવસ બાદ આની ઉજવણી કરવામાં આવે છે. જ્યોતિષીઓ અનુસાર દેવ દિવાળીના દિવસે દિપદાનનું વિશેષ મહત્વ રહેલુ છે. માન્યતા છે કે દેવ દિવાળીના દિવસે તમામ દેવ કાશીમાં ઉત્સવ મનાવે છે. હિન્દુ ધર્મમાં પૂનમને ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. કારતક મહિનામાં સુદ પક્ષમાં આવતી પૂનમનું વિશેષ મહત્ત્વ છે. આ દિવસને લોકો દેવની દિવાળી ઉત્સવ તરીકે ઉજવે છે. ખાસ કરીને વારાણસીમાં આ તહેવારની અલગ જ છટા જોવા મળે છે. દિવાળીના ૧૫ દિવસ પછી (પૂનમના દિવસ પછી) દેવ દિવાળીનું પર્વ ઊજવવામાં આવે છે. જે પરંપરા આજે પણ નિભાવવામાં આવી રહી છે. આ દિવસે ભગવાન વિષ્ણુની આરાધના કરવાનું વિશેષ મહત્વ રહેલુ છે. પણ શું તમે જાણો છો કે આખરે દેવ દિવાળીના દિવસે ભગવાન શિવની પૂજા કેમ કરવામાં આવે છે. આજે અમે તમને જણાવીશું કે દેવ દિવાળીના દિવસે ભગવાન શિવની પૂજા શા માટે કરવામાં આવે છે અને આ તેનું મહત્વ શું છે. પૌરાણિક માન્યતાઓ અનુસાર ભગવાન શિવના પુત્ર કાર્તિકેયના હાથેથી તારકાસુરનો વધ થયો હતો. માન્યતાઓ અનુસાર તારકાસુરના વધ બાદ તેના ત્રણેય દીકરા તારકાક્ષ, કમલાક્ષ અને વિદ્યુન્માલીએ તમામ દેવી-દેવતીઓ સાથે બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી હતી. જે બાદ ત્રણેય દૈત્યોએ દિવ્ય અને માયાવી શક્તિઓથી એકબીજાને એક શરીરમાં સમાવી લીધા હતા. એટલે એવુ કહી શકાય કે ત્રણેય દૈત્યોએ એક જ શરીરમાં પોતાની આત્માઓને સમાવી લીધી. જે બાદ ત્રણેય દૈત્યોએ પોતાનું નામ ત્રિપુરાસુર રાખી લીધું હતું. એક અન્ય કથા અનુસાર ત્રિપુર એટલે ત્રણ લોક. ધરતી, આકાશ અને સ્વર્ગ. આ ત્રણે લોક પર વિજય મેળવનાર એટલે ત્રિપુરાસુર. દેવદિવાળીના દિવસે દેવી-દેવતાઓએ ત્રિપુરાસુરના વધનો ઉત્સવ ઉજવ્યો હતો. આ દિવસે કાશીના ગંગા ઘાટમાં ખાસ પૂજાનું આયોજન થાય છે. હિન્દુ




ધર્મમાં પૂનમને ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. કારતક મહિનામાં સુદ પક્ષમાં આવતી પૂનમનું વિશેષ મહત્ત્વ છે. આ દિવસને લોકો દેવ દિવાળી તરીકે ઉજવે છે. ખાસ કરીને વારાણસીમાં આ તહેવારની અલગ જ છટા જોવા મળે છે. આ અવસરે ગંગા ઘાટ ઉપર દીવા પ્રગટાવીને આ તહેવારને ઘણાં ઉલ્લાસ સાથે ઊજવવામાં આવે છે. કારણ કે આ દિવસે ભગવાન શિવ ધરતી પર આવે છે. આ દિવસે વારાણસીમાં ગંગા અને


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

શિવજીની આરાધના કરવામાં આવે છે. આ અવસરે ગંગા ઘાટ ઉપર દીવા પ્રગટાવીને આ તહેવારને ઘણાં ઉલ્લાસ સાથે ઊજવવામાં આવે છે. આ દિવસે પૂજાનું ખાસ મહત્ત્વ છે. માન્યતા છે કે આ દિવસે ભગવાન શિવે એક અન્ય દાનવનો વધ કર્યો હતો જેને માર્યા પછી દેવતાઓએ વિજય દિવસ ઉજવ્યો હતો અને દીવાઓ પ્રગટાવીને ખુશી જાહેર કરી હતી. કારણ કે આ દિવસે ભગવાન શિવ ધરતી પર આવે છે. ત્રિપુરાસુરનો વધ કર્યા બાદ ભગવાન સદાશિવ કાશીમાં ગંગા કિનારે આવ્યા હતા. કથા પ્રમાણે ત્રિપુરાસુરે દેવતાઓને સ્વર્ગ લોકમાંથી બહાર કાઢ્યાં હતાં. બધા દેવતાઓ ત્રિપુરાસુરથી પરેશાન થઈને બચવા માટે ભગવાન શિવની શરણમાં ગયાં હતાં. દેવતાઓનું કષ્ટ દૂર કરવા માટે ભગવાન શિવે ત્રિપુરાસુરનો વધ કર્યો હતો. ભગવાન શિવજીએ જે દિવસે આ રાક્ષસનો વધ કર્યો એ દિવસે કારતક શુક્લ પક્ષની પૂનમ હતી. દેવતાઓએ ત્રિપુરાસુરના વધની ખુશી જાહેર કરતાં શિવની નગરી કાશીમાં દીવાઓનું દાન કર્યું. કહેવાય છે કે કાશીમાં કારતક પૂનમના દિવસે દેવ-દિવાળી ઊજવવાની પરંપરા શરૂ થઈ હતી. શાસ્ત્રો પ્રમાણે એવું માનવામાં આવે છે કે આ દિવસે દેવી-દેવતા પૃથ્વી પર આવે છે. આ દિવસે પૂજા-પાઠ કરવાથી લાંબી ઉંમર અને હકારાત્મક ઊર્જા પ્રાપ્ત થાય છે. કથા અનુસાર ત્રિપુરાસુરે બ્રહ્માજીની તપસ્યા કરવાનું શરૂ કર્યુ. જેથી તેઓ પોતાના પિતાના મૃત્યુનો બદલો દેવો સાથે લઈ શકે. ત્રિપુરાસુરની કઠિન તપસ્યાથી પ્રસન્ન થઈને બ્રહ્માજીએ તેને વરદાન આપ્યું કે જ્યારે અભિજિત નક્ષત્રમાં સૂર્યમંડળમાં એક જ પંક્તિમાં ત્રણેય પુરિયાઓ એકસાથે જોવા મળશે. ત્યારે તે સમયે દેવતાઓથી બનેલા રથ અને ગ્રહોથી બનેલા બાણથી જ ત્રિપુરાસુરનો વધ થશે. નહીં તો તેનો ક્યારેય વધ થશે નહીં. ભગવાન બ્રહ્માજી પાસેથી મળેલા આ વરદાન બાદ ત્રિપુરાસુરનો આતંક દિવસેને દિવસે વધવા લાગ્યો હતો. જેના કારણે ત્રણેય લોકમાં ખળભળાટ મચી ગયો. આ ઘટના બાદ ભગવાન શ્રી ગણેશે એક દિવ્ય રથ તૈયાર કર્યો. જે બાદ પૃથ્વી માતાએ રથનો આકાર લીધો, સૂર્ય ભગવાન અને ચંદ્ર ભગવાન તે રથના પૈડા બન્યા. આ રથના સારથી બન્યા સૃષ્ટી અને ભગવાન વિષ્ણુ બાણ બન્યા. વાસુકી નાગ ધનુષ્ય બન્યા અને મેરુ પર્વત ધનુષ્ય બન્યા હતા. આ બધા દેવતાઓ દ્વારા બનાવેલા રથ પર સવાર થઈને ભગવાન શિવે પોતાના ધનુષ અને બાણથી ત્રિપુરાસુરનો વધ કર્યો હતો. આ દિવસ કારતક મહિનાની પૂર્ણિમાનો દિવસ હતો. જેથી તમામ દેવી-દેવતાઓએ આ દિવસે ભગવાન વિષ્ણુની પૂજા કરીને દિવાળીની ઉજવણી કરી હતી. જેથી આ દિવસે ભગવાન શિવની પણ પૂજા કરવાનું વિશેષ મહત્વ રહેલુ છે. દેવ દિવાળીનો પવિત્ર તહેવાર દર વર્ષે કારતક મહિનાની શુક્લ પક્ષની પૂર્ણિમાની તિથિ પર ઉજવવામાં આવે છે. દેવ દિવાળીનું પર્વ કારતક પૂર્ણિમાના પ્રદોષ કાળમાં ઉજવવામાં આવે છે. આ દિવસે ભગવાન શિવની નગરી કાશીમાં ગંગા ઘાટોને દીવાઓથી સજાવવામાં આવે છે. દેવ દિવાળીના દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન કર્યા બાદ ભગવાન શિવની પૂજા કરવાનું

**દેવદિવાળીના દિવસે વૃંદા એટલે કે તુલસી અને શાલિગ્રામના વિવાહનો ઉત્સવ ઉજવવામાં આવે છે. શાલિગ્રામ એટલે ભગવાન વિષ્ણુનું સ્વરૂપ. અને સતી વૃંદાને શ્રાપ મળવાથી તે તુલસી બની ગયા. આ બંનેના વિવાહનો ઉત્સવ આજે સૌ કોઈ મનાવશે.**

વિધાન છે. ભગવાન શિવની કૃપાથી વ્યક્તિના બધા જ કષ્ટ, રોગ, દોષ અને પાપ દૂર થાય છે. તેમના આશીર્વાદથી બધી જ મનોકામનાઓ પૂર્ણ થાય છે. આ વર્ષે દેવ દિવાળી પર સ્વર્ગની ભદ્રા છે. દેવઉઠી અગિયારસ બાદથી ચાતુર્માસ સમાપ્ત થઈ જશે. ત્યારબાદ માંગલિક કાર્યો પણ શરૂ થઈ જશે. જેથી દેવઉઠી અગિયારસથી મુંડન, શુભ વિવાહ, ગૃહ પ્રવેશ, સગાઈ જેવા માંગલિક કાર્યો માટે મુહૂર્ત જોઈ શકાશે. આ વર્ષે નવેમ્બર અને ડિસેમ્બરમાં શુભ વિવાહના સારા મુહૂર્ત છે. દેવઉઠી અગિયારસની તિથિ અને ડિસેમ્બરમાં વિવાહના શુભ મુહૂર્ત છે. આ પર્વ ભારત અને ભારત બહારના દેશોમાં પણ ભાવપૂર્વક ઉજવવામાં આવે છે ખાસ કરીને બ્રિટન, અમેરિકા, ફ્રાન્સ, ઇટાલી અને ઓસ્ટ્રેલિયામાં તુલસી વિવાહનો ઉત્સવ ભાવપૂર્વક ઉજવવામાં આવે છે.

## શબ્દ સંજોગ-૧૮૯૯



**આડી ચાવી :**
(૧) એક તામિલ પંડિત (૬)
(૪) ખેતીનું એક ઓજાર (૨)
(૬) સમુદ્ર, દરિયો (૩)
(૮) ચાર ચરણનું પદ (૨)
(૯) શાળામાં ભણાવાતો એક વિષય (૩)
(૧૦) વેહવાળા ગોળ દાણા (૩)
(૧૨) વહેમ, શંકા (૨)
(૧૩) હાથી (૩)
(૧૪) દૂધ પરની મલાઈની પોપડી (૨)
(૧૫) બાર વર્ષે..... બોલ્યો (૨)
(૧૬) મોટુ દુ:ખ, કાળો કેર (૩)
(૧૮) ખેપિયો (૩)
(૨૦) જીવ, પ્રાણ (૧)
(૨૩) મા બુટભવાનીનું મંદિર આ સ્થળે આવેલુ છે (૪)
(૨૫) બાળકોની એક રમત (૫)

**ઉભી ચાવી :**
(૧) ધારણા, અભિપ્રાય (૨)
(૨) પુનમ ધિલ્લોન, ફારૂખ શેખની એક ફિલ્મ (૨)
(૩) તમે બહુ.....છો. (૩)
(૪) કોટની દિવાલની બાજુ (૨)
(૫) પ્રજા, જાત (૩)
(૬) સિંહ દર્શન કરવા હોય તો ચાલો જઈએ (૩)
(૭) મહેનત-શ્રમ કરનાર (૩)
(૯) દરિયામાં ગયેલી જમીનની લાંબી પટી (૪)
(૧૦) ...ચલાવો (૩)
(૧૧) જમીનમાં ઉંડો-પહોળો ખાડો (૩)
(૧૩) દૂધ ઉકાળી કરાતો ઘટ્ટ પદાર્થ (૨)
(૧૫) બાતલ, કમ (૨)
(૧૭) આંખે આવતા ચક્કર (આ-અ) (૩)
(૧૯) સૂર્ય, સૂરજ (૩)
(૨૧) કચ્છ જીલ્લાનો એક તાલુકો (૨)
(૨૨) સળગતું ઓલવવા માટે મારવી પડે (૨)
(૨૪) પારકે....મોટો લાડુ (અવળુ) (૨)

## શબ્દ સંજોગ-૧૮૯૮ જવાબ

**આડી ચાવી:** (૧) પરશુરામ (૪) સધ્ધર (૬) રવિના (૭) તીર (૯) ફાકી (૧૦) તપન (૧૨) મનન (૧૩) સનમ (૧૪) સજા (૧૫) સજન (૧૭) રાવી (૧૮) નભ (૨૦) લટ (૨૨) ભમરો (૨૫) મિસ્ડકોલ (૨૬) મગતરું (૨૮) મકાઉ.

**ઉભી ચાવી:** (૧) પતેતી (૨) શુભ (૩) મરકી (૪) સનાતન (૫) રદન (૮) રમજાન (૯) ફાનસ (૧૧) પમરાટ (૧૩) સન (૧૬) જન્મારો (૧૯) ભભકો (૨૦) લવિંગ (૨૧) સમિતા (૨૩) મલમ (૨૪) ખારુ (૨૬) મઉ (૨૭) તથ્ય.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૫૮૯ | ૬૩૬ |
| ઘઉં ટુકડા | ૫૮૨ | ૬૭૨ |
| જુવાર સફેદ | ૭૪૫ | ૮૩૩ |
| બાજરી | ૪૦૦ | ૫૭૧ |
| તુવેર | ૧૩૬૦ | ૨૧૦૦ |
| ચણા પીળા | ૧૧૮૨ | ૧૩૫૦ |
| ચણા સફેદ | ૨૦૫૦ | ૨૮૯૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૮૮ |
| મગ | ૯૮૦ | ૧૫૮૪ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ચોળી | ૧૩૫૦ | ૨૮૫૦ |
| વટાણા | ૩૭૩૭ | ૩૭૩૭ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૨૫૭ |
| મગફળી જીણી | ૯૮૦ | ૧૨૧૪ |
| તલી | ૨૦૫૦ | ૨૭૫૮ |
| સુરજમુખી | ૬૬૦ | ૬૬૦ |
| એરંડા | ૧૧૭૫ | ૧૨૭૦ |
| અજમો | ૧૨૦૫ | ૨૨૫૦ |
| સુવા | ૧૧૦૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૭૬૦ | ૯૧૫ |
| સીંગફાડા | ૧૧૦૦ | ૧૪૪૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૯૫૧ |
| લસણ | ૩૭૫૧ | ૬૭૬૮ |
| ધાણા | ૧૩૦૦ | ૧૫૫૪ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૩૦૦૦ |
| ધાણી | ૧૩૪૦ | ૧૭૨૮ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૩૯૨ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૮૩૫ |
| રાય | ૧૦૫૦ | ૧૩૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૬૪ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૯૬૪ |
| રાયડો | ૯૯૦ | ૧૧૫૦ |
| રજકાનું બી | ૪૪૫૦ | ૫૫૦૦ |
| ગુવારનું બી | ૮૭૫ | ૯૪૮ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૭૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૫૫ | ૭૮૦ |
| ટમેટા | ૪૦૦ | ૫૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| કોથમરી | ૫૫૦ | ૧૦૫૦ |
| મુળા | ૨૫૦ | ૫૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૨૪૦ | ૫૦૦ |
| ફલાવર | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૩૫૦ | ૬૫૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૧૧૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| દુધી | ૧૫૦ | ૪૫૦ |
| કારેલા | ૪૫૦ | ૭૫૦ |
| સરગવો | ૪૦૦ | ૨૦૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૧૦ |
| પરવર | ૯૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૫૦ |
| ગાજર | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૨૫૦ | ૪૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૩૫૦ | ૬૫૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૬૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૧૫૦ |
| મરચા લીલા | ૩૩૦ | ૯૦૦ |
| હળદર લીલી | ૫૫૦ | ૧૦૫૦ |
| મકાઇ લીલી | ૨૫૦ | ૪૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૪૦ | ૧૧૩૫ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૨૫૩ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૨૮ |
| તલ કાળા | ૨૬૧૦ | ૪૦૪૨ |
| બાજરો | ૪૬૨ | ૬૩૫ |
| ઘઉં ટુકડા | ૫૪૨ | ૭૦૨ |
| ઘઉં લોકવન | ૫૫૩ | ૬૯૦ |
| મકાઈ | ૬૫૦ | ૬૫૦ |
| એરંડા | ૧૦૧૬ | ૨૦૧૦ |
| ચણા | ૯૩૦ | ૧૫૦૪ |
| કપાસ | ૭૫૦ | ૧૫૭૭ |
| જીરું | ૩૮૦૦ | ૪૩૭૦ |
| ધાણા | ૯૨૦ | ૧૫૪૦ |
| સોયાબીન | ૬૦૪ | ૮૫૨ |
| તુવેર | ૬૦૦ | ૧૩૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૬૦ | ૫૯૦ |
| રીંગણાં | ૮૦૦ | ૧૦૦૦ |
| ફુલાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૪૦ |
| ટામેટા | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દૂધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળા લીલાં | ૮૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૫૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૦૦૦ | ૧૧૫૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૩૩૦ | ૧૦૫૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી | ૧૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૩૦૧ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૬૨૮ |
| શીંગ જીણી | ૭૨૧ | ૧૧૮૬ |
| શીંગ મોટી | ૭૩૧ | ૧૩૪૧ |
| એરંડા / એરંડી | ૧૧૮૧ | ૧૨૬૬ |
| જીરૂ | ૩૬૪૧ | ૪૯૯૧ |
| ડુંગળી લાલ | ૧૯૧ | ૯૮૧ |
| અડદ | ૧૧૪૧ | ૧૭૦૧ |
| ધાણા | ૧૦૯૫ | ૧૩૫૫ |
| મગ | ૧૦૧૧ | ૧૭૨૧ |
| ચણા | ૧૨૫૧ | ૧૪૨૧ |
| ગોગળી | ૭૦૦ | ૯૮૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૦૦ | ૧૧૩૮ |
| શીંગ મોટી | ૧૦૮૦ | ૧૨૨૦ |
| તલ સફેદ | ૧૯૫૦ | ૨૫૦૦ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૫૯૧ |
| કપાસ | ૧૪૯૦ | ૧૬૨૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૨૯ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૪૪ |
| જુવાર | ૪૧૬ | - |
| ચણા | ૧૧૪૧ | ૧૫૩૫ |
| સોયાબીન | ૭૫૨ | ૮૫૬ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૯૭ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૫ |
| ચણા | ૮૦૦ | ૧૨૮૦ |
| અડદ | ૯૦૦ | ૧૫૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૧૦ |
| મગફળી | ૭૦૦ | ૧૨૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૮૬ |
| શીંગફાડા | ૮૦૦ | ૧૦૫૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૭૦ | ૧૬૨૫ |
| કપાસ કોડી | ૧૧૮૦ | ૧૩૩૦ |
| મગફળી નવી | ૧૧૦૮ | ૧૨૪૨ |
| અડદ | ૧૨૪૦ | ૧૪૫૦ |
| ઘઉં | ૫૦૮ | ૬૩૨ |
| જીરૂ | ૪૦૮૫ | ૪૭૦૫ |
| તલ | ૩૧૨૫ | ૩૫૨૫ |
| તલ સફેદ | ૨૦૨૫ | ૨૧૭૫ |
| ચણા | ૧૧૪૫ | ૧૩૧૫ |
| સોયાબીન | ૭૬૯ | ૮૧૧ |
| બાજરો | ૩૭૦ | ૫૦૦ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૦૫૨ | ૧૬૫૬ |
| શીંગ ૩૨ | ૯૩૩ | ૧૧૩૫ |
| શીંગ ૩૯ | ૯૫૧ | ૧૧૭૬ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૧ | ૧૨૧૯ |
| એરંડા | ૮૪૦ | ૮૪૦ |
| જુવાર | ૩૪૦ | ૮૦૮ |
| બાજરી | ૪૬૦ | ૬૩૩ |
| ઘંઉ ટુકડા | ૫૧૬ | ૬૯૨ |
| અડદ | ૭૫૦ | ૧૭૪૮ |
| મગ | ૭૯૨ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૫૧ | ૮૮૫ |
| ચણા | ૧૧૪૯ | ૧૪૦૦ |
| અજમા | ૧૪૩૫ | ૨૦૬૦ |
| જીરૂ | ૨૯૭૦ | ૪૪૪૦ |
| ડુંગળી લાલ જુની | ૨૧૦ | ૯૪૮ |
| ડુંગળી લાલ નવી | ૨૦૦ | ૮૫૦ |
| ડુંગળી સફેદ | ૧૬૧ | ૭૨૧ |
| કપાસ શંકર | ૧૩૦૧ | ૧૫૧૨ |
| નાળીયેર | ૫૦૪ | ૩૦૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળીજી-૨૦ | ૯૮૬ | ૧૨૩૬ |
| મગફળી૩૨નં. | ૭૨૬ | ૧૧૨૬ |
| બાજરી | ૪૭૦ | ૫૯૦ |
| ઘઉં | ૫૨૫ | ૬૭૫ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૪૪૨ |
| સોયાબીન | ૭૩૧ | ૮૬૪ |
| જુવાર | ૭૦૦ | ૮૦૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૯૮ |
| ચણા | ૧૧૫૦ | ૧૪૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૬૩૫ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૫૮ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૬૦ |
| બાજરો | ૨૬૦ | ૫૮૦ |
| ઘઉં | ૫૧૮ | ૬૩૧ |
| મગ | ૧૨૦૦ | ૧૬૨૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૭૧૦ |
| ચોળી | ૨૬૦૦ | ૩૨૫૫ |
| વાલ | ૧૦૦૦ | ૨૦૦૫ |
| મેથી | ૯૭૦ | ૧૧૦૫ |
| મકાઈ | ૫૦૦ | ૫૭૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૨૦૮૫ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૩૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૪૯ |
| તલ | ૨૧૦૦ | ૨૪૦૦ |
| રાયડો | ૯૨૫ | ૧૦૭૪ |
| રાઈ | ૧૧૦૦ | ૧૩૦૫ |
| લસણ | ૨૧૦૦ | ૫૩૩૦ |
| જીરૂ | ૨૩૦૦ | ૪૫૮૦ |
| અજમો | ૨૪૦૦ | ૩૦૦૦ |
| ધાણા | ૭૦૦ | ૧૩૨૫ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૫૫૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૪૮ |
| કપાસ સી ગ્રેડ | ૩૩૪ | ૩૩૪ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૦ | ૧૧૭૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૦૦ |
| તલકાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| કપાસ | ૧૪૫૦ | ૧૫૭૦ |
| બાજરો | ૪૮૧ | ૬૮૧ |
| ઘંઉ ટુકડા | ૫૫૫ | ૭૨૦ |
| જુવાર | ૬૦૦ | ૮૨૦ |
| મગ | ૨૫૨૫ | ૩૦૦૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૫૧૬ |
| ચણા | ૧૧૬૪ | ૧૬૦૦ |
| જીરૂ | ૩૫૦૧ | ૪૧૨૫ |
| સોયાબીન | ૭૫૫ | ૮૨૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# જાફરાબાદથી ૩૭ નોટીકલ દૂર દરિયામાં ખલાસીનો જીવ બચાવતું કોસ્ટગાર્ડ

**બોટ એસો.ના પ્રમુખે કોસ્ટગાર્ડ ટીમનો આભાર માન્યો**


તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદ,તા.૧૧

જાફરાબાદથી દૂર દરિયામાં ૩૭ નોટીકલ માઈલ દૂર ધનપ્રસાદ નામની બોટના ખલાસીને શરીર જકડાઈ જતા તાત્કાલિક સારવારની જરૂર પડતા બોટના અન્ય ખલાસી દ્વારા જાફરાબાદના ખારવા સમાજના બોટ એસોસિએશનના પ્રમુખ કનૈયાલાલ સોલંકીનો સંપર્ક કરતા પ્રમુખ દ્વારા તાત્કાલિક પીપાવાવ કોસ્ટ ગાર્ડને જાણ કરી ખલાસીને સારવાર મળી રહે તે માટે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડની બોટ મોકલવામાં આવી હતી અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા ખલાસીને તાત્કાલિક કિનારે લાવી અને હોસ્પિટલે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જોકે તાત્કાલિક સારવાર મળી જતા ખલાસીનો જીવ બચ્યો હતો. તબિયત પણ સુધારા ઉપર જણાતા ખારવા સમાજ બોટ એસો.ના પ્રમુખ કનૈયાલાલે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડનો આભાર માન્યો હતો.

# તાપી જિલ્લામાં લગ્ન બાબતે બોલાચાલી થતા પુત્રએ સળીયા વડે કરી પિતાની હત્યા



તાપી,તા.૧૧

તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના સુંદરપુર ગામે લગ્નની બાબતે પિતા સાથે બોલાચાલી થતાં પુત્રએ તેની અદાવત રાખી રાત્રિ દરમિયાન સૂતેલા પિતા પર સળિયાના ઘા ઝિંકીને મોતને ઘાટ ઉતારતાં ઉચ્છલ પંથકમાં ચકચાર મચી જવા પામી છે. તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના સુંદરપુર ગામના હોલીપાડા ફળિયામાં રહેતા શિવાજી વસાવા અને તેમનો ૩૨ વર્ષીય પુત્ર હરપાલ વસાવા વચ્ચે લગ્ન કરાવવા બાબતે બોલાચાલી થઈ હતી. હરપાલ વસાવાએ તેના પિતાને 'મારા લગ્ન કરાવવા પર કેમ ધ્યાન નથી આપતા?' એમ કહીને બોલાચાલી કરી હતી. જેની અદાવત રાખીને પુત્રએ રાત્રિ દરમિયાન સૂતેલા પિતા પર સળિયાના ઘા ઝિંકી હુમલો કર્યો હતો. હુમલામાં ઘાયલ થયેલ ૭૩ વર્ષીય શિવાજી વસાવાને સુરતની એપલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. પરંતુ ત્યાં તેમને મૃત જાહેર કરતા હત્યારો પુત્ર હરપાલ વસાવા ભાગી છૂટયો હતો.

**સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત**

# અમરેલી શહેર ભાજપ દ્વારા આજરોજ કાર્યશાળા યોજાશે

અમરેલી,તા.૧૧

અમરેલી શહેર ભાજપ દ્વારા મંગળવારના રોજ રાત્રિના ૯: ૦૦ કલાકે જિલ્લા ભાજપ કાર્યાલય, એસટી ડેપો પાછળ અમરેલી ખાતે સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત બુથ સમિતિ સંરચનાની મંડલ કાર્યશાળા યોજાશે. જેમાં મંડળના પદાધિકારીઓ, મંડળ મોરચાના પ્રમુખો, મંડળ પ્રભારી, મંડળ સંગઠન પર્વ સહયોગી, નગરપાલિકાના ચૂંટણી લડેલા સભ્યો, શક્તિ કેન્દ્રના પ્રમુખો તેમજ શક્તિ કેન્દ્ર સંગઠન પર્વ સહયોગી કાર્યકરો ઉપસ્થિત રહેશે તેમ અમરેલી શહેર ભાજપના પ્રમુખ ભાવેશભાઈ સોઢા, મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા તેમજ ભરતભાઈ મકવાણાની યાદીમાં જણાવાયુ છે.

# સોમનાથ - ભાવનગર હાઈવે ઉપર ફ્લાય ઓવર ન હોવાથી છાશવારે સર્જાતા અકસ્માત

કોડીનાર તા.૧૧

કોડીનાર શહેરમાંથી પસાર થતા સોમનાથ - ભાવનગર હાઈવે ઉપર ૬૭ ગામોને જોડતા બે જંકશનો ઉપર નેશનલ હાઈવે ઓથોરિટીની અણઆવડતના કારણે ફ્લાયઓવર બનાવવામાં ના આવતા આ બન્ને જંકશનો (ચાર ચોકડી ) ઉપર દરરોજ અનેક અકસ્માતો થઈ રહ્યા છે. આ અંગે કોડીનાર ચેમ્બર ઓફ કોમર્સ અને ભાજપના અગ્રણી આગેવાનો દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી અને તેને સંબંધિત વિભાગોમાં પત્ર લખી રજૂઆત કરવામાં આવી હતી. વડનગર ચોકડી અને રોનાજ ચોકડી ઉપર તાલુકાના અંદાજિત ૬૭ જેટલા ગામોના લોકો તાલુકા મથકે આવતા જતા હોય



આ બન્ને જંકશનો (ચોકડી) ભારે ટ્રાફિકથી ધમધમતા હોવાથી ફ્લાયઓવરની ખાસ જરૂરિયાત હોવા છતાં નેશનલ હાઈવે ઓથોરિટીની અણઆવડતના કારણે આ બંને ચોકડી ઉપર ફ્લાયઓવરની સુવિધા આપવામાં આવેલ ના હોવાના કારણે દરરોજ અનેક અકસ્માતો થઈ રહ્યા છે. આ અંગે તાકીદે કાર્યવાહી કરી બન્ને ચોકડીઓ ઉપર ફ્લાયઓવર બનાવવા ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

# ધારી એફ.પી.ઓ. દ્વારા આજથી ટેકાના ભાવે મગફળી ખરીદી કેન્દ્રનો પ્રારંભ

અમરેલી, તા.૧૧



રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી, સોયાબીન, મગ અને અડદની ખરીદી શરૂ કરવામાં આવી છે. જેનાં ભાગરૂપે ધારી ખાતે ભાવનાબેન ગોંડલીયાના માર્ગદર્શન નીચે ધારી માર્કેટીંગ યાર્ડ ખાતે ખરીદી કેન્દ્રનો પ્રારંભ બપોરે ૨:૦૦ કલાકે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય જે.વી.કાકડીયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, જેન્તીભાઈ પાનસુરીયા, રમણીકભાઈ સોજીત્રા સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં થશે.

# શ્રી ખોડલધામ મંદિરે સફળ અધિકારીઓ-કર્મચારીઓનો તેજસ્વિતા સ્નેહમિલન સમારોહ

રાજકોટ,તા.૧૧



શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા સંચાલિત શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટ અને શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ- રાજકોટ દ્વારા વર્ષોથી સર્વ સમાજના યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગો રાજકોટમાં શ્રી સરદાર પટેલ ભવન ખાતે ચાલી રહ્યા છે. જેમાં યુપીએસસી, જીપીએસસી ઉપરાંત વર્ગ ૧, ૨ અને ૩ની સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગોમાંથી તાલીમ લઈને અનેક યુવાનો વિવિધ સરકારી વિભાગમાં પ્રતિષ્ઠિત જગ્યા પર ફરજ બજાવી રહ્યા છે. સંસ્થામાંથી તાલીમ મેળવીને સરકારી નોકરી મેળવનારા તમામ તેજસ્વી અધિકારીઓ-કર્મચારીઓનો સ્નેહમિલન સમારોહ ૧૦ નવેમ્બરે કાગવડમાં યોજાયો હતો. ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સ્નેહમિલન સમારોહમાં ફાઉન્ડેશન દ્વારા વિવિધ પાંચ પ્રકલ્પોનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. તેજસ્વિતા સ્નેહમિલન સમારોહમાં ઉપસ્થિત તમામ સફળ વિદ્યાર્થીઓનું ટ્રસ્ટીઓ દ્વારા મા ખોડલની છબી આપી, ખેસ પહેરાવીને ખોડલધામની માહિતી પુસ્તિકા આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ફાઉન્ડેશનના પ્રમુખ હરેશભાઈ પરસાણાએ સૌનું સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પધારેલા રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી, રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા અને રાજકોટ મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈનું ટ્રસ્ટીઓ દ્વારા મા ખોડલની છબી અર્પણ કરીને ખેસ પહેરાવીને સન્માન કરાયું હતું.

# ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા લાઠી-બાબરાના ભાજપ કાર્યકરોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૧



તસવીર : જગદીશ ખેર

દીપાવલીના પાવન અવસર પર ભાજપ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. ડબલ એન્જિન સરકારની સિદ્ધિઓ સાથે કાર્યકર્તાઓને મળવાનો અવસર લાઠી ખાતે યોજવામાં આવેલ હતો. લાઠી-બાબરા વિધાનસભા બેઠકના કાર્યકર્તા સ્નેહમિલન સમારોહમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સાંસદ ભરતભાઈ સુતરીયા, વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિત લાઠી બાબરા વિધાનસભાના કાર્યકર્તાઓ મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કાર્યકર્તાઓને એકજૂથ રહીને ભાજપ સદસ્યતા અભિયાનને પણ વધુ વેગ મળે તે અંગે નેતાઓએ ભાર મૂક્યો હતો. દિલીપભાઈ સંઘાણી અને રાજકોટના સાંસદ પરષોત્તમભાઈ રૂપાલાએ કાર્યકર્તાઓને સેવાથી સર્વશ્રેષ્ઠ બનવા તરફની વાત કરી હતી. લાઠી-બાબરા વિધાનસભા બેઠકના એક હજાર કાર્યકર્તાઓના સ્નેહમિલન કાર્યક્રમમાં કાર્યકર્તાઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૨૦૪૭ના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો હોવાનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું.

## રાજુલાના મહે. એકઝીક્યુટીવ મેજી. સાહેબની કોર્ટ માં

મુ.રાજુલા.
ફો.પ.અ.નં. ૪૫૨/૨૦૨૪

અરજદાર :- લક્ષ્મણભાઈ ભીખાભાઈ વાઘ
ઉ.વ.આ.૫૪, ધર્મે : હિન્દુ, ધંધો : મજુરી
મું. રામપરા-૨, તા.રાજુલા, જિ.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
વ
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મુ.રામપરા-૨, તા.રાજુલા, જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાં તમામને આ જાહેર નોટીસ થી જાહેર કરીએ છીએ કે, ઉપરોકત અરજદારે તેની પુત્રી **અમરીબેન લક્ષ્મણભાઇ વાઘ નો જન્મ તા.૧૧/૦૫/૧૯૯૬** ના રોજ **રામપરા-૨** મુકામે થયેલ છે. તે અંગેની સદર સામાવાળા ના રજીસ્ટરે નોંધ કરાવવા સદર કોર્ટમાં અરજદારના વિ.વકીલ **શ્રી એસ.એ.વીંછી,** મારફત અરજ કરેલ છે. તો સદર નોંધ અંગે કોઈપણ ને કોઈ વાંધો વિરોધ કે તકરાર હોય તો અત્રે ની કોર્ટમાં તા.............ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ અથવા મુખત્યાર કે વકીલ મારફત હાજર રહી વાંધા તથા પુરાવા રજુ કરવા જાણ કરવામાં આવે છે. અન્યાથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૪ માહે ઓકટોબર સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટ ના સીકકા કરી આપ્યા.

સહી,
તાલુકા એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
રાજુલા

સ્થળ:- રાજુલા
તારીખ:.૨૪/૧૦/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)

## રાજુલાનાં મહે. એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.રાજુલા

જન્મ મરણ અરજી નંબર. ૪૩૮/૨૦૨૪

અરજદાર :- સાદુળભાઈ જીણાભાઈ શિયાળ
ઉ.વ.:૬૧, ધર્મેઃ હિન્દુ, ધંધોઃ મજૂરી,
રહેઃ મું. પીપાવાવ, તા.રાજુલા, જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
ગામઃ પીપાવાવ, તા. રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના પીપાવાવ ગામના રહીશ શ્રી સાદુળભાઈ જીણાભાઈ શિયાળ એ તેમનો જન્મ તા.૦૨/૦૬/૧૯૬૩ નાં રોજ રાજુલા તાલુકાનાં પીપાવાવ ગામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી વકીલ શ્રી એ.બી. શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તારીખ.૧૮ માહે.૧૦ સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી.
એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

સ્થળ : રાજુલા
તા. ૧૮/૧૦/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)

# વડોદરાની IOCL રિફાઈનરીમાં જોરદાર વિસ્ફોટ, જાનહાની નહી

વડોદરા,તા.૧૧

વડોદરા જિલ્લાના કોયલી વિસ્તારમાં આવેલી આઈઓસીએલની રિફાઈનરીમાં જોરદાર વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટ આઈઓસીએલ રિફાઈનરીની સ્ટોરેજ ટાંકીમાં થયો હતો. વિસ્ફોટ બાદ રિફાઈનરીમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. કેટલાક કિલોમીટર દૂર ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. આગને પગલે આસપાસની કંપનીઓમાં ગભરાટનો માહોલ હતો આગ પર કાબૂ મેળવવા માટે વહીવટી તંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ ઓલવવા માટે ૧૦ જેટલા ફાયર એન્જિનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જોકે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી.

# કોડીનારમાં ભાગવતાચાર્યનું યુવા બ્રહ્મસમાજ દ્વારા કરાયું સન્માન

કોડીનાર તા.૧૧



કોડીનાર શહેર સરદાર નગર, મધુવન સોસાયટી ખાતે ગોપી મંડળ દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહના ભાગવતાચાર્ય પૂજ્ય મુકેશભાઈ ત્રિવેદીનું બ્રહ્મ સમાજની પરંપરા મુજબ શ્રી યુવા બ્રહ્મસમાજ કોડીનારના યુવાનો દ્વારા સનાતન ધર્મની જાગૃતતા માટે ભાગવતાચાર્યનું શાલ તેમજ ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું.

## -//મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં//-

**-:જાહેર નોટીસ:-**

નં. જન્મ નોંધણી/અરજી નં.૨૮૧/૨૦૨૪

અરજદારશ્રી:- ૧. વિપુલભાઈ બાવચંદભાઈ માલાણી
રહે. બાઢડા તા.સાવરકુંડલા જિ.અમરેલી

**- //વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧.તલાટી કમ મંત્રીશ્રી બાઢડા તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર જયદિપ વિપુલભાઈ માલાણીનો જન્મ તા.૧૪/૦૭/૨૦૦૦ ના રોજ મુ. બાઢડા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં. જન્મ/મરણ નોંધણી/અરજી ન.૨૦૮/૨૦૨૪ તા.૨૨/૧૦/૨૦૨૪

અરજદારશ્રી:- ૧. સામતભાઈ મેઘાભાઈ રાતડીયા
રહે. ગાધકડા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
વકીલશ્રી નીતા પી.સરવૈયા

**- //વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧.તલાટી કમ મંત્રીશ્રી ગાધકડા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્રી ગોપી સામતભાઈ રાતડીયાનો જન્મ તા.૧૧/૦૫/૨૦૦૯ ના રોજ મુ. ગાધકડા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૧૧/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જેકોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

નોંધ :-(૧) વર્ષ:-૨૦૦૮ થી ૨૦૧૦ સુધીનું રેકર્ડ રજુ કરવું

આજ તા.૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ,સાવરકુંડલા //-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં. જન્મ/મરણ નોંધણી/ અરજી નં. ૨૭૭/૨૦૨૪ તા.૨૨/૧૦/૨૦૨૪

અરજદારશ્રી......(૧) સામતભાઈ મેઘાભાઈ રાતડીયા
રહે. ગાધકડા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી
વકીલશ્રી નીતા પી. સરવૈયા

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા.......૧. તલાટી કમ મંત્રીશ્રી ગાધડકા, તા. સાવરકુંડલા

**જન્મ -મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્રી કોમલ સામતભાઈ રાતડીયાનો જન્મ તા.૨૦/૦૬/૨૦૦૭ ના રોજ મુ.ગાધડકા તા.સાવરકુંડલા જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા. ૨૬/૧૧/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ- મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

નોંધઃ- (૧) વર્ષઃ- ૨૦૦૬ થી ૨૦૦૮ સુધીનું રેકર્ડ રજુ કરવું.

આજ તા. ૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ
મેજિસ્ટ્રેટ સાવરકુંડલા

**સંકુલ ઓછી ફી - સારૂ શિક્ષણ - ઉચ્ચ પરિણામ**

| | | | |
|---|---|---|---|
| ધો. ૬ થી ૮ ગુ.મી. | ૬૨૦૦ | કોમર્સ કોલેજ બન્ને મિડીયમ | ૧૭૨૦૦ |
| ધો. ૯ – ૧૦ ગુ.મી. | ૭૪૦૦ | સાયંસ કોલેજ માઈક્રો – BT | ૨૪૮૦૦ |
| ધો. ૧૧–૧૨ આર્ટસ ગુ.મી. | ૮૪૦૦ | BCA કોલેજ - AICTE | ૨૪૮૦૦ |
| ધો. ૧૧–૧૨ કોમર્સ ગુ.મી. | ૯૨૦૦ | BBA કોલેજ - AICTE | ૧૮૬૦૦ |
| ધો. ૧૧–૧૨ સાયંસ ગુ.મી. | ૨૫૮૦૦ | હોસ્ટેલ – સ્કૂલ ગર્લ્સ | ૨૫૨૦૦ |
| આર્ટસ કોલેજ Psy-Soc-Eng | ૧૩૨૦૦ | હોસ્ટેલ – કોલેજ ગર્લ્સ | ૨૬૮૦૦ |

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢરોડ, અમરેલી -Ad 073

## CHANGE OF NAME

I Undersigh I TRAVADI MUSTUFA SALEHBHAI have changed my name from TRAVADI MUSTAFA SALEBHAI To TRAVADI MUSTUFA SALEHBHAI (New) Now i will be known as TRAVADI MUSTUFA SALEHBHAI (New)

Sigh: TRAVADI MUSTUFA SALEHBHAI
Address: VANZAVAD, DALAL CHOWK,
AT-BAGASARA-DIST-AMRELI-365440
GUJARAT INDIA

# ઝારખંડમાં પ્રથમ તબક્કાની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત, આવતીકાલે મતદાન

(એ.આર.એલ),રાંચી,તા.૧૧

ઝારખંડ ચૂંટણીના પ્રથમ તબક્કાના પ્રચારનો ઘોંઘાટ આજથી બંધ થઈ ગયો છે. હવે ઉમેદવારો ડોર ટુ ડોર જનસંપર્ક પ્રચાર કરી શકશે. ઝારખંડની ૪૩ બેઠકો માટે પ્રથમ તબક્કાનું મતદાન ૧૩ નવેમ્બરે છે. સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થશે. કેટલાક વિસ્તારોમાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધી મતદાન થશે, પ્રથમ તબક્કામાં ઘણા દિગ્ગજ નેતાઓની વિશ્વસનીયતા દાવ પર છે. પ્રથમ તબક્કામાં કુલ ૬૮૩ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે. ૧,૩૬,૮૫,૫૦૯ મતદારો આ ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે, જેમાં પુરૂષ મતદારોની સંખ્યા ૬૮,૬૫,૨૦૮ છે જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૬૮,૨૦,૦૦૦ છે. આ સિવાય



વિકલાંગ મતદારોની સંખ્યા ૧,૯૧,૫૫૩ છે. પ્રથમ તબક્કામાં ત્રીજા લિંગના મતદારોની સંખ્યા ૩૦૧ છે. ઝારખંડમાં ૧૩ નવેમ્બરે ૪૩ બેઠકો પર મતદાન માટે કુલ ૧૫,૩૪૪ મતદાન મથકો બનાવવામાં આવ્યા છે, જેમાં શહેરી મતદાન મથકોની સંખ્યા ૨૬૨૮ છે જ્યારે ગ્રામીણ મતદાન મથકોની સંખ્યા ૧૨,૭૧૬ છે. ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૮ વર્ષથી ૩૦ વર્ષની વચ્ચેના મતદારોની કુલ સંખ્યા ૪૧,૮૮,૬૩૬ છે. જેમાં ૨૦ લાખથી વધુ પુરુષ મતદાતા છે જ્યારે ૨૧ લાખથી વધુ યુવા મહિલા મતદારો છે.

# દિલ્હીમાં વાયુ પ્રદૂષણના કારણે લોકોના આરોગ્ય પર ખરાબ અસર: શ્વાસ લેવામાં ભારે પરેશાની

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૧

અક્ષરધામની આસપાસના વિસ્તારમાં ધુમ્મસની ચાદર જોવા મળી હતી. જ્યાં એકયુઆઈ ૩૭૮ નોંધવામાં આવ્યો છે, સીપીસીબી અનુસાર, પ્રદૂષણનું સ્તર 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં છે. આનંદ વિહાર - ૩૮૨, બવાના - ૪૦૧, અશોક વિહાર - ૩૮૦ એકયુઆઈ નોંધવામાં આવ્યો છે. બીજી તરફ દિલ્હીના કાલિંદી કુંજમાં યમુના નદીમાં ઝેરી ફીણ તરતું જોવા મળી રહ્યું છે. જેના કારણે નદીમાં પ્રદૂષણનું સ્તર ઊંચું રહે છે. તબીબોનું કહેવું છે કે હવામાન ઠંડું થતાં



પ્રદૂષણનું સ્તર વધ્યું છે. નીચલા સ્તરે પ્રદૂષણના કણોને કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. આમાં એવા લોકો પણ પરેશાન થઈ રહ્યા છે જેમને પહેલા કોઈ સમસ્યા ન હતી. પાટનગરમાં ધુમ્મસના કારણે લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. આ કારણે વિઝિબિલિટી ખૂબ જ ઓછી નોંધાઈ રહી છે. જેમ જેમ શિયાળો નજીક આવી રહ્યો છે તેમ તેમ વિઝિબિલિટી ઘટી રહી છે. રવિવારે સવારે સફદરજંગમાં વિઝિબિલિટી ૫૦૦ મીટર હતી. જે સામાન્ય રીતે આ સમયે એક હજાર મીટરથી વધુ રહે છે. તે જ સમયે, પાલમમાં સવારે ૫.૩૦ થી સવારે ૬ વાગ્યાની વચ્ચે ૭૦૦ મીટર વિઝિબિલિટી નોંધાઈ હતી. જેના કારણે લોકોને સવારે દૂર સુધી જોવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# કોલકાતા-ગાઝીપુર સિટી એક્સપ્રેસ ટ્રેનને પાટા પરથી ઉતારવાના ષડયંત્રનો પર્દાફાશ

(એ.આર.એલ),પટણા,તા.૧૧

છેલ્લા કેટલાક સમયથી દેશના અલગ-અલગ ભાગોમાં ટ્રેન દુર્ઘટના સર્જવાના ષડયંત્રના સમાચારો સામે આવી રહ્યા છે. હવે તાજો મામલો બિહાર અને ઉત્તર પ્રદેશની સરહદ પરથી સામે આવ્યો છે. અહીં ટ્રેનને પાટા પરથી ઉતારવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. અસામાજિક તત્વોએ છાપરા-ગૌતમ સ્થાન વિભાગમાં ટ્રેક કાપીને અલગ કરી દીધો હતો. મળતી માહિતી મુજબ, કોલકાતા-ગાઝીપુર સિટી એક્સપ્રેસ ટ્રેનને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે સમયસર આ અકસ્માત ટળી ગયો હતો. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર બિહારના છપરા અને ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લા વચ્ચે ટ્રેનનો ટ્રેક કપાઈ ગયો હતો. કોલકાતા-ગાઝીપુર સિટી શબ્દભેદી એક્સપ્રેસ ટ્રેનના લોકો પાયલોટની સમજદારીને કારણે અકસ્માત ટળી ગયો. પરંતુ હાલમાં આ રૂટ પર ટ્રેનોનું સંચાલન ખોરવાઈ ગયું છે. રેલવે અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

# મહારાષ્ટ્ર ચૂંટણીમાં ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી એકસાથે પરંતુ સીએમ ચહેરાને લઈને સસ્પેન્સ

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૧

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી એકસાથે આવી ગયા છે, પરંતુ મુખ્યમંત્રીના ચહેરાને લઈને હજુ પણ સસ્પેન્સ છે. રવિવારે જાહેરનામું બહાર પાડતી વખતે, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સ્પષ્ટ કર્યું છે કે એકનાથ શિંદે ચોક્કસપણે વર્તમાન



સીએમ છે, પરંતુ પરિણામો પછી, ગઠબંધનમાં ત્રણેય પક્ષો નવા સીએમ વિશે નિર્ણય કરશે.

એનડીએએ મહારાષ્ટ્રની ચૂંટણીમાં કોઈ નેતાને સીએમ ચહેરો બનાવ્યો નથી, જેણે એકનાથ શિંદેની આશાઓને ચોક્કસપણે ફટકો આપ્યો છે.

આવી સ્થિતિમાં સવાલ એ થાય છે કે મુખ્યમંત્રીના ચહેરા પર સસ્પેન્સ ઉભું કરવું એ ભાજપની રાજકીય મૂંઝવણ છે કે રાજકીય કાવતરું? ૨૦૧૯ માં, ભાજપ અને શિવસેના (યુનાઈટેડ) એકસાથે ચૂંટણી લડ્યા હતા અને જંગી બહુમતી સાથે બેઠકો જીતી હતી, પરંતુ પરિણામો પછી, મુખ્ય પ્રધાન પદને લઈને બંને પક્ષો વચ્ચેના સંબંધો તૂટી ગયા હતા.

# આતંકવાદીઓને ઝડપવા જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાદળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું

જમ્મુ,તા.૧૧

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડના કેશવાન અને તેની આસપાસના વિસ્તારોના ગાઢ જંગલોમાં સુરક્ષા દળોએ સોમવારે સવારે ફરી સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. રવિવારે અહીં ૩-૪ આતંકીઓ છુપાયા હોવાના સમાચાર મળ્યા હતા, ત્યારબાદ સેનાએ શોધખોળ કરી અને આતંકીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું. ગોળીબાર ચાર કલાકથી વધુ સમય સુધી ચાલ્યો હતો. જવાબી કાર્યવાહી દરમિયાન પેરા સ્પેશિયલ ફોર્સના ૪ જવાનો



ઘાયલ થયા હતા. નાયબ સુબેદાર રાકેશ કુમાર સારવાર દરમિયાન શહીદ થયા હતા. સેનાના જણાવ્યા અનુસાર કેશવાન ફોરેસ્ટમાં છુપાયેલા આતંકીઓ કાશ્મીર ટાઈગર્સ ગ્રુપના છે. આ લોકોએ જ ૭મી નવેમ્બરે ૨ વિલેજ ગાર્ડની હત્યા કરી હતી.

# છત્તીસગઢની દુર્ગ પોલીસે ગેંગસ્ટર અમિત જોશને એન્કાઉન્ટરમાં ઠાર માર્યો

(એ.આર.એલ),દુર્ગ,તા.૧૧

છત્તીસગઢની દુર્ગ પોલીસે એક મોટું એન્કાઉન્ટર કર્યું છે. પોલીસે ગેંગસ્ટર અમિત જોશને શુક્રવારે એન્કાઉન્ટરમાં ઠાર માર્યો હતો. અમિત જોશ સામે ૪૦ થી વધુ કેસ નોંધાયા હતા. ભિલાઈ નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જયંતિ સ્ટેડિયમની સામે અમિત જોશ સાથે પોલીસનું એન્કાઉન્ટર થયું હતું. અમિત જોશ એન્કાઉન્ટરમાં પોલીસની ગોળીઓથી માર્યો ગયો હતો. એસપી જિતેન્દ્ર શુક્લાના જણાવ્યા અનુસાર, આ એન્કાઉન્ટર દુર્ગ પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું. ભિલાઈના ગ્લોબ ચોકમાં બનેલી ગોળીબારની ઘટનામાં અમિત જોશ મુખ્ય આરોપી હતો. મળતી માહિતી મુજબ અમિત જોશ ત્રણ લોકો પર ફાયરિંગ કરવાના કેસમાં ચાર મહિનાથી ફરાર હતો. આમાંથી બે લોકો ગંભીર રીતે





ઘાયલ થયા બાદ પોલીસે અમિત જોશની શોધ શરૂ કરી હતી. અમિત જોશ વિરુદ્ધ ભિલાઈ જિલ્લાના ઘણા પોલીસ સ્ટેશનોમાં હુમલો અને હત્યા જેવા ગંભીર ગુનાઓ સાથે ૪૦ થી વધુ કેસ નોંધાયેલા છે. પોલીસને ગુપ્તચર સૂત્રો પાસેથી અમિત જોશના ભિલાઈમાં આવવાના સમાચાર મળ્યા હતા, જેના પછી પોલીસે આરોપીને ઘેરી લેવા અને ધરપકડ કરવાનો પ્લાન તૈયાર કર્યો હતો. આ દરમિયાન અમિત જોશ પોલીસને જોઈને ભાગી જતાં તેમના પર ગોળીઓ ચલાવવાનું શરૂ કરી દીધું હતું.

# ૧૭ નવે.થી ચાર ધામના દરવાજા બંધ, આ વર્ષે યાત્રિકોની સંખ્યામાં ૧૦ લાખનો ઘટાડો

(એ.આર.એલ),દહેરાદુન,તા.૧૧

ઉત્તરાખંડના ચાર ધામોના દરવાજા શિયાળા માટે બંધ થવા લાગ્યા છે, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીની યાત્રા પૂર્ણ થઈ ગઈ છે. ૧૭મી નવેમ્બરે બદ્રીનાથ ધામના દરવાજા બંધ થવાની સાથે યાત્રાનો સમય પૂર્ણ થશે. આ વર્ષે ચારધામ જનારા યાત્રિકોની સંખ્યામાં ૧૦ લાખથી વધુનો ઘટાડો થયો છે. અત્યાર સુધીમાં ૪૬.૭૪ લાખ શ્રદ્ધાળુઓએ ચારધામની મુલાકાત લીધી છે તેનું કારણ વરસાદને કારણે




ભૂસ્ખલન જેવી દુર્ઘટનાઓ વધી છે. આ વખતે ચારધામ યાત્રાના રૂટ પર વધુ ૨૦ દિવસ વરસાદ રહ્યો હતો. જેના કારણે સામાન્ય કરતાં ૧૨% વધુ વરસાદ નોંધાયો હતો.

ઉત્તરાખંડના ચાર ધામના દરવાજા શિયાળા માટે બંધ થવા લાગ્યા છે, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીની યાત્રા પૂર્ણ થઈ ગઈ છે. ૧૭મી નવેમ્બરે બદ્રીનાથ ધામના દરવાજા બંધ થવાની સાથે યાત્રાનો સમય પૂર્ણ થશે. અત્યાર સુધીમાં ૪૬.૭૪ લાખ શ્રદ્ધાળુઓએ ચારધામની મુલાકાત લીધી છે. આ વર્ષે ચારધામ જનારા યાત્રિકોની સંખ્યામાં ૧૦ લાખથી વધુનો ઘટાડો નોંધાયો હતો.

# ત્રીજા વિશ્વયુધ્ધની સંભાવના, વિશ્વ શાંતિ માટે ભારત તરફ નજર: મોહન ભાગવત

જબલપુર,તા.૧૧

સંઘ પ્રમુખ મોહન ભાગવતે કહ્યું કે વિશ્વમાં ત્રીજા વિશ્વયુદ્ધની સંભાવના સેવાઈ રહી છે. તેમણે કહ્યું કે આ સમયે વિશ્વ શાંતિ માટે ભારત તરફ જોઈ રહ્યું છે, પરંતુ કેટલાક લોકો અવરોધ ઉભા કરી રહ્યા છે. સંઘ પ્રમુખે ફરી એકવાર કહ્યું કે ભારત વિશ્વગુરુ બનવા તરફ આગળ વધી રહ્યું છે. ભાગવત મધ્યપ્રદેશના



જબલપુરમાં RSS મહિલા નેતા ડૉ. ઉર્મિલા જામદારની યાદમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન બોલી રહ્યા હતા. ભાગવતે કહ્યું કે યુક્રેન-રશિયા અને ઈઝરાયલ-હમાસ યુદ્ધ વચ્ચે ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. અત્યારે તે સ્પષ્ટ નથી કે તે ક્યાંથી શરૂ થશે. ભાગવતે કહ્યું કે વિજ્ઞાને દુનિયામાં ઘણી પ્રગતિ કરી છે, પરંતુ તેનો ફાયદો હજુ સુધી દુનિયાના ગરીબો સુધી પહોંચી રહ્યો નથી, પરંતુ દુનિયાને નષ્ટ કરી શકે તેવા શસ્ત્રો દરેક જગ્યાએ પહોંચી રહ્યા છે.

# સલમાન અને શાહરૂખ બાદ હવે મિથુન ચક્રવર્તીને મળી ધમકી

મુંબઈ,તા.૧૧

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન અને શાહરૂખ ખાન બાદ હવે પીઢ અભિનેતા મિથુન ચક્રવર્તીને પણ ધમકીઓ મળી છે. એવા અહેવાલ છે કે પાકિસ્તાની ડોન શહજાદ ભટ્ટીએ દુબઈ અને કોલકાતાના ભાજપના એક નેતા અને અભિનેતાને ધમકી આપી છે. આ સાથે તેને માફી માંગવાની સલાહ આપવામાં આવી છે અને કહ્યું છે કે જો તે આમ નહીં



કરે તો તેને પસ્તાવો કરવો પડી શકે છે. તેના બે વીડિયો સામે આવ્યા છે જેમાં તે ધમકી આપી રહ્યો છે અને મિથુન ચક્રવર્તીના નિવેદન પર તેનો ડાયલોગ બેઝૂડ કરી રહ્યો છે.

# ખાલિસ્તાની આતંકી પન્નુની ગીધડ ધમકી : રામમંદિરને ઉડાવી દઈશુ

ન્યુ દિલ્હી,તા.૧૧

ખાલિસ્તાનીઓને મળી રહેલા કેનેડાના સપોર્ટથી તેમની હિંમત વધી ગઈ છે. હવે ખાલિસ્તાનીઓ સીધા અયોધ્યાના રામ મંદિરને ટાર્ગેટ કરવાની ધમકી આપવા લાગ્યા છે. ખાલિસ્તાની આતંકી ગુરપતવંત સિંહ પન્નુએ વીડિયો જાહેર કરીને હિન્દુઓની આસ્થાના મોટા કેન્દ્ર રામ મંદિરને ઉડાડવાની ધમકી આપી



છે. વીડિયોમાં પન્નુએ કેનેડાના હિન્દુ સાંસદ ચંદ્ર આર્યને પણ ધમકી મોકલી છે. શીખ ફોર જસ્ટિસ(SFJ) નામના આતંકી સંગઠનના ચીફ પન્નુએ જાહેર કરેલા વીડિયોમાં કહ્યું, ૧૬ અને ૧૭ નવેમ્બરે અયોધ્યા રામ મંદિરમાં હિંસા થશે. પન્નુએ આ વીડિયો કેનેડાના બ્રેમ્પ્ટનમાં રેકોર્ડ કર્યો હોવાનું માનવામાં આવે છે. આ વીડિયોમાં રામ મંદિર સાથે-સાથે અન્ય બીજા હિન્દુ ધાર્મિક સ્થળો વિરુદ્ધ હિંસા ભડકાવવાની ધમકી પણ આપવામાં આવી છે.

# ઈઝરાયેલે જ લેબનોનમાં પેજર બ્લાસ્ટ કરાવ્યો હતો : પીએમ નેતન્યાહુનો સ્વીકાર

(એ.આર.એલ),ગાઝા,તા.૧૧

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ સ્વીકાર્યું હતું કે તેમણે લેબનોનમાં પેજર હુમલાઓને અધિકૃત કર્યા હતા. સપ્ટેમ્બરમાં લેબનોનમાં પેજર બ્લાસ્ટમાં લગભગ ૪૦ લોકો માર્યા ગયા હતા. ઈરાન સમર્થિત હિઝબુલ્લા સંગઠનના ૩ હજારથી વધુ સભ્યો ઘાયલ થયા



હતા. ઈઝરાયેલના પીએમના પ્રવક્તા ઓમર દોસ્તીએ કહ્યું, 'નેતન્યાહૂએ રવિવારે પુષ્ટિ કરી કે તેમણે લેબનોનમાં પેજર બ્લાસ્ટ ઓપરેશનને લીલી ઝંડી આપી.' ૧૭ અને ૧૮ સપ્ટેમ્બરના રોજ, હિઝબુલ્લાહના ગઢમાં હજારો પેજર વિસ્ફોટ કરવામાં આવ્યા હતા. ઈરાન અને હિઝબુલ્લાએ આ માટે ઈઝરાયેલને પહેલા જ જવાબદાર ઠેરવ્યું હતું. પેજર બ્લાસ્ટ બાદ હિઝબુલ્લાહના કેટલાક સભ્યોએ આંગળીઓ ગુમાવી દીધી હતી. કેટલાકે તેમની આંખોની રોશની ગુમાવી દીધી હતી. લગભગ ૪૦ લોકો માર્યા ગયા.

# ઈરાકમાં પુરૂષો ૯ વર્ષની બાળકીઓ સાથે લગ્ન કરી શકશે : લગ્ન વિધેયક બિલ પસાર થશે

(એ.આર.એલ),તેહરાન,તા.૧૧

સમગ્ર વિશ્વમાં બાળ લગ્નની દુષ્ટતાને ખતમ કરવાના પ્રયાસો ચાલુ છે. આને પણ અમુક અંશે નિયંત્રિત કરવામાં આવ્યું છે. જો કે, હજુ પણ એવા ઘણા દેશો છે જે બાળ લગ્નને કાયદેસર બનાવવા માટે સતત સંઘર્ષ કરી રહ્યા છે. વાસ્તવમાં, અમે ઈરાક વિશે વાત કરી રહ્યા છીએ. અહીં લગ્નની



ઉંમરમાં સુધારાની સંપૂર્ણ તૈયારી છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે સરકાર છોકરીઓની લગ્નની ઉંમર ઘટાડવા જઈ રહી છે. આવી સ્થિતિમાં પુરુષો નવ વર્ષની છોકરી સાથે લગ્ન કરી શકશે. જો આ સુધારો અહીં પસાર થશે તો માત્ર લગ્નની ઉંમર જ નહીં પરંતુ છૂટાછેડા, બાળકોની કસ્ટડી અને સંપત્તિ જેવા મહિલાઓના વિશેષ અધિકારો પર પણ અંકુશ આવી જશે. આ બિલ ઈરાકી નાગરિકોને પારિવારિક બાબતો પર નિર્ણય લેવા માટે ધાર્મિક અધિકારીઓ અથવા નાગરિક ન્યાયતંત્રની પસંદગી કરવાની પણ મંજૂરી આપશે.

# રાજયમાં ગુલાબી ઠંડીનો પગરવ : નલિયા અને ગાંધીનગરમાં તાપમાન ૨૦ ડિગ્રીની નીચે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૧



ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૨૦-૨૧ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. જોકે, નલિયા અને ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે નોંધાયું હતું. નલિયા અને ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે નોંધાયું હતું. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલા તાપમાનના આંકડાની વાત કરીએ તો રવિવારે લઘુત્તમ તાપમાન ૧૯.૫ ડિગ્રીથી ૨૬.૪ ડિગ્રી વચ્ચે નોંધાયું હતું. નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૯.૫ ડિગ્રી નોંધાયું હતું. આમ નલિયા ગુજરાતના સૌથી ઠંડા શહેર તરીકે નોંધાયું હતું. જ્યારે ઓખામાં લઘુત્તમ તાપમાન ૨૬.૪ ડિગ્રી નોંધાયું હતું. ગુજરાતના મોટાભાગના શહેરોમાં તાપમાન ૨૦-૨૨ ડિગ્રીની આસપાસ રહે છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં આખરે હવે આગામી ૫ દિવસમાં ઠંડીના ચમકારાનો પ્રારંભ થાય તેવી પૂરી સંભાવના છે. આ ઉપરાંત દિવસ દરમિયાન પડતાં તાપમાંથી રાહત મળી શકે છે. હવામાન નિષ્ણાતોના મતે અમદાવાદમાં ૧૫ નવેમ્બર બાદ ઠંડીનું પ્રભુત્વ વધવા લાગશે.

# ગિરનારની ગોદમાં યોજાતી લીલી પરિક્રમાનો એક દિવસ વહેલો પ્રારંભ

જુનાગઢ,તા.૧૧



ગિરનારની ગોદમાં યોજાતી લીલી પરિક્રમાનો વિધિવત પ્રારંભ અગિયારસની રાત્રિના ૧૨ વાગ્યે થતો હોય છે. પરંતુ, દર વર્ષની માફક આ વર્ષે પણ પરિક્રમાનો વિધિવત પ્રારંભ થાય તે પહેલા જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરિક્રમાના ગેટ પાસે એકત્ર થઈ જતા વનવિભાગને આજે સવારે જ ગેટ ખોલવાની ફરજ પડી હતી. આજે સવારે ગેટ ખોલાતા જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ જય ગિરનારીના નાદ સાથે પરિક્રમાનો પ્રારંભ કર્યો હતો. પરિક્રમા દરમિયાન યાત્રિકોને કોઈ તકલીફ ન પડે તે માટે તંત્ર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. તો બીજી તરફ યાત્રિકો જંગલમાં પ્લાસ્ટિક ન લઈ જાય તેની પણ ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. પરિક્રમા દરમિયાન વન્યપ્રાણી કોઈ યાત્રિકને નુકસાન ન પહોંચાડે તેના માટે વનવિભાગ પણ એલર્ટ બન્યું છે. આ વર્ષે પરિક્રમાનો વિધિવત પ્રારંભ ૧૨ તારીખે રાત્રિના ૧૨ વાગ્યે થવાનો હતો. પરંતુ, આજે સવારે જ પરિક્રમા શરૂ થવાના ગેટ પર મોટી સંખ્યામાં યાત્રિકો એકત્ર થઈ ગયા હતા. જેના કારણે વનવિભાગને સવારના સમયે ગેટ ખોલવાની ફરજ પડી હતી.

# રાજયના મહેસૂલ વિભાગ દ્વારા "ફીડબેક સેન્ટર"નો શુભારંભ



ગાંધીનગર,તા.૧૧

રાજયના મહેસૂલ વિભાગ દ્વારા વિભાગ ખાતે એક "ફીડબેક સેન્ટર"નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ફીડબેક સેન્ટરનો તાજેતરમાં રાજ્યના મુખ્ય સચિવ રાજકુમારના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ ફીડબેક સેન્ટર અંગે પ્રેસ-મીડિયાને વિગતો આપતા મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિએ જણાવ્યું હતું કે મહેસૂલ વિભાગ દ્વારા આઈઓઆરએના માધ્યમથી મહેસૂલી સેવાનો લાભ મેળવેલ નાગરિકો પાસેથી તેમનો પ્રતિભાવ મેળવવા માટે મહેસૂલ વિભાગ ખાતે આ ફીડબેક સેન્ટર તૈયાર કરવામાં આવ્યું છે.

અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિએ ઉમેર્યું હતું કે, આ ફીડબેક સેન્ટર ખાતે નિયુક્ત કરાયેલા મહેસૂલમિત્ર દ્વારા હાલ આઈઓઆરએ પોર્ટલ પરથી અરજી કરવામાં આવેલ અને જેનો નિકાલ થયેલ હોય તેવી બિન-ખેતીની અરજી, હયાતિમાં હક્ક દાખલ કરવાની અરજી, વારસાઈની અરજી અને ખેડૂત પ્રમાણપત્રની અરજી સહિતની કુલ ૩૬ સેવાઓ મેળવવા બાબતે નાગરિકોનો પ્રતિભાવ મેળવવામાં આવી રહ્યો છે. સાથે જ આઈઓઆરએ પોર્ટલ ઉપર અરજી કરતાં સમયે અરજદારોને પડેલ મુશ્કેલીઓનું નિરાકરણ થાય તે માટે સાચા અર્થમાં આ સેવાઓમાં સુધારો કરવાનો પ્રયાસો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે.

મહેસૂલી સેવાઓ મેળવવા બાબતે પ્રાપ્ત થયેલા નિયમિત પ્રતિસાદથી છેવાડાના નાગરિકની વ્યથાને સમજીને તેના નિરાકરણરુપે એક પારદર્શક અને ઉત્તરદાયી સરકારના ઘડતર માટે આ સેવાઓ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે, તેમ ડૉ. જયંતિ રવિએ ઉમેર્યું હતું.

**રાજ્યભરના ૧૬૦ થી વધુ ખરીદ કેન્દ્રો ખાતે મગફળી, સોયાબીન, અડદ અને મગની ટેકાના ભાવે ખરીદી**

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ટેકાના ભાવે મગફળીની ખરીદીનો શુભારંભ

હિંમતનગર,તા.૧૧



રાજયભરમાં મગફળીની સાથે મગ, અડદ અને સોયાબીનની આજથી ટેકાના ભાવે ખરીદી શરૂ થતા પહેલી ખરીદીની શરુઆત ગુજરાત સીએમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરી હતી. હિંમતનગરથી ભૂપેન્દ્ર પટેલે ખરીદીનો શુભારંભ કરાવ્યો છે. જે બાદ હવે ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રોથી ટેકાના ભાવે ખરીદી કરાશે.

આજથી રાજ્યભરમાં મગફળીની સાથે મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી શરૂ થતા પહેલી ખરીદીની શરુઆત ગુજરાતના સીએમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરી હતી. હિંમતનગરથી ભૂપેન્દ્ર પટેલે ખરીદીનો શુભારંભ કરાવ્યો છે. જે બાદ હવે ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રોથી ટેકાના ભાવે ખરીદી કરાશે. રાજ્યભરના ૧૬૦ થી વધુ ખરીદ કેન્દ્રો ખાતે મગફળી, સોયાબીન, અડદ અને મગની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ થયો છે. અહીં CMએ જાતે ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ કરાવ્યો છે. ત્યારે સરકારે ૧,૩૫૬ રુપિયે પ્રતિ મણના ભાવે મગફળીની ખરીદીને વેચાણ માટે મૂકી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે ખેડૂતોને અભિનંદન આપ્યા હતા અને કહ્યું કે બજારમાં ૯૦૦થી ૧૦૦૦નો ભાવ છે પણ આપણે ૧૩૫૬ ટેકાનો ભાવ જાહેર કર્યો છે. આથી ભાવ સારો મળી રહેશે.

તમને જણાવી દઈએ કે વેચાણ માટે ૩,૩૩,૦૦૦થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. જેમાં એક દિવસમાં એક ખેડૂત પાસેથી વિસ્તાર આધારિત મહત્તમ ૪,૦૦ કિ.ગ્રા એટલે કે, ૨૦૦ મણ મગફળીની ખરીદી કરાશે.

**પોલીસ અને વહીવટી અધિકારી વકીલોને કનડતા હોવાથી**

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાત મુખ્યમંત્રીને રજૂઆત કરશે

અમદાવાદ,તા.૧૧



દિવાળીના તહેવારોના વેકેશન બાદ આજથી અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે ખાનગી વકીલોએ વિધિવત કામગીરી શરૂ કરી છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલ દ્વારા જણાવાયું હતું કે, પોલીસ અધિકારી અને વહીવટી અધિકારીઓ દ્વારા વકીલોના અપમાન અને કનડગતને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆત કરાશે. આ મુદ્દે તાજેતરમાં બનેલી ઘટનાઓની પણ રજૂઆત કરવામાં આવશે. આવનારા સમયમાં ઓલ ઈન્ડિયા બારની પરીક્ષા યોજાશે. ઉલ્લેખનીય છે કે, આવનારા સમયમાં ઓલ ઈન્ડિયા બારની પરીક્ષા યોજાવવાની છે. જેમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા તાજેતરમાં જ ૦૫ હજાર જેટલા વકીલોને પ્રોવિઝનલ સનદ આપવામાં આવી હતી. ઉપરાંત વકીલોની માંદગી સહાયમાં પણ વધારો કરવામાં આવ્યો હતો. BCGના ચેરમેન દ્વારા સૌ વકીલોના સ્વાસ્થ્યની કુશળ કામના કરીને કાઉન્સિલ દ્વારા તેમના ભલાર્થે કામ કરવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું.

# જીપીએસસીના નવા ચેરમેન તરીકે હસમુખ પટેલે ચાર્જ સંભાળ્યો

અમદાવાદ,તા.૧૧



આઈપીએસ અધિકારી હસમુખ પટેલે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (જીપીએસસી)ના નવા અધ્યક્ષ તરીકે ચાર્જ સંભાળ્યો છે. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ અંગેનો આદેશ જારી કરવામાં આવ્યો છે. આઈપીએસ હસમુખ પટેલે જીપીએસસીના ચેરમેન તરીકેનો ચાર્જ સંભાળ્યો છે.

ગુજરાત સરકારના આદેશ મુજબ હસમુખ પટેલ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના નવા અધ્યક્ષ તરીકે સેવા આપશે. પેપર લીકની ઘટનાઓ બાદ હસમુખ પટેલના નિર્દેશનમાં ઘણી પરીક્ષાઓ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે તેથી નજીકના ભવિષ્યમાં સરકારી ભરતી પ્રક્રિયાને નવી દિશા મળશે તેવી અપેક્ષા છે.

# રાજય સરકારે ગીર સોમનાથના સુંદરપરા ટોલબૂથ પર પોલીસ બેસાડી ટોલની ઉઘરાણી શરૂ કરી

ગીર સોમનાથ,તા.૧૧




ગીર સોમનાથ જિલ્લામાં સુંદરપરા ટોલનાકાનો ખૂબ જ વિરોધ થયો હોવા છતાં પણ થોડા દિવસ પહેલા જ વિધિવત રીતે આ ટોલનાકુ શરુ થઈ ચુક્યુ છે અને ટોલ ઉઘરાવવાનુ પણ શરુ કરી દીધેલ છે ત્યારે સરકારના મંત્રી નિતીન ગડકરીના ૬૦ કિમીની અંદર એક જ ટોલનાકુ હોવુ જોઈએ તે નિયમ કયાં ગયા અને એકથી વધુ ટોલનાકા હશે તો તે બંધ કરવામાં આવશે તે વાતો તો હવામાં જ રહી ગઈ અને આ સુંદરપરા ટોલનાકુ શરુ થઈ ગયેલ છે. દલીત અધિકાર મંચ તથા ટેક્સી એસોસિએશનના ૧૦૦થી વધુ લોકોએ બેનરો અને સૂત્રોચ્ચાર સાથે ટોલનાકા પર કબ્જો જમાવ્યો હતો અને ધરણા પર બેઠા હતા. બીજી તરફ ટોલનાકાના મેનેજરના જણાવ્યા મુજબ અમારે સરકારના નિયમ મુજબ ટોલનાકાના ભાવો ઉઘરાવવાના હોય છે જયાં સુધી રોડ રસ્તાના કામ અધૂરા છે ત્યાં સુધી ભાવ અલગ અને પુરા થઈ જશે પછી એકસરખા ભાવ થઈ જશે. અમે માત્ર ટોલનાકાના સંચાલન માટે કામ કરીએ છીએ રોડ રસ્તાની અમારી કોઈ જવાબદારી રહેતી નથી.

# સાબરકાંઠા જિલ્લામાં વણોજ ગામ પાસે પાણીની ચોકડીમાં કાર ખાબકતા બે યુવકોના ડૂબી જવાથી મોત

ઈડર,તા.૧૧



સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર - ઈડર રોડ પર અકસ્માતની ઘટના સર્જાઈ છે. જેમાં મોડી રાત્રે સલુંબર રાજસ્થાનથી અંબાજી તરફ કારથી જતા બે યુવકોનો અકસ્માત સર્જાયો હતો, વિજયનગર પોળો ફોરેસ્ટ પાસેના ઈડર હાઈવે પર ડેમના કિનારાના ભાગમાં ખાડામાં રેલીંગ તોડી કાર પાણીમાં ખાબકી હોવાનું જાણવા મળ્યું હતું. વણજ ગામ પાસે રોડની સાઈડમાં પાણી ભરેલી ચોકડીમાં કાર ખાબકી હતી. કારમાં સવાર બંને યુવકોનું ઊંડા પાણીમાં ડૂબી જવાથી મોત નિપજ્યું હતું.

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
રિસેપ્સનિસ્ટ
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

# અમદાવાદમાં કારચાલકને ટકોર કરતા વિદ્યાર્થીની છરીના ઘા ઝીંકી હત્યા

અમદવાદ,તા.૧૧

અમદાવાદના બોપલ વિસ્તારમાં હત્યાની ઘટના સામે આવી છે. બોપલ ફાયર સ્ટેશન પાસે વાહન ચલાવવા માટે MICA કોલેજના વિદ્યાર્થી પ્રિયાંશુ જૈન નામના વિદ્યાર્થીએ કારચાલકને ટકોર કરી હતી, પરંતુ કારચાલકે ઉશ્કેરાઈને વિદ્યાર્થી પર છરાથી હુમલો કર્યો હતો, આથી ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. છરાથી હુમલો કર્યા બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો. આ અંગે બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. મૂળ ઉત્તર પ્રદેશના મેરઠનો રહેવાસી એવો ૨૩ વર્ષીય પ્રિયાંશુ જૈન રાતે બુલેટ પર મિત્ર સાથે જઈ રહ્યો હતો ત્યારે ફાયર સ્ટેશન પાસે કારચાલક સાથે બોલાચાલી થઈ હતી. પ્રિયાંશુ જૈન મૂળ ઉત્તરપ્રદેશનો રહેવાસી છે. પોલીસ અને મૃતકના મિત્રો પણ સ્થળ પર પહોંચ્યા હતા.

સંજોગ ન્યૂઝની
ધમાકેદાર
વાર્ષિક લવાજમ યોજના
૧/૧૧/૨૦૨૪ થી ૩૧/૧૦/૨૦૨૫
એજન્સી માટે સંપર્ક કરો મો. ૮૧૬૦૨૦૧૬૪૩
સપ્તાહના સાતેય દિવસ અમરેલીમાંથી પ્રકાશિત થતુ એક માત્ર દૈનિક એટલે
સંજોગ ન્યૂઝ
માત્ર રૂપિયા ૬૯૯/-
માં મેળવો આખું વર્ષ અખબાર
સાથે સપ્તાહમાં બે દિવસ પૂર્તિનો રસથાળ
સંજોગ ન્યૂઝના વાર્ષિક લવાજમ યોજનાનો લાભ લેવા માટે તમારા શહેર અને ગામના એજન્ટોનો સંપર્ક કરવો